કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, October 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



## અમદાવાદનો દેવેન બોરાણીયા પાયલોટ બન્યો

અમદાવાદ યુવક સંઘ દ્વારા વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન

# પાયલોટ દેવેન બોરાણીયાનું સન્માન થયું અને સૌ ભાવથી ભીંજાયા

પ્રવીણ ગજ્જર

અમદાવાદમાં શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ દ્વારા આયોજીત વિદ્યાર્થી સન્માન સમારંભમાં એક યુવાનને સ્ટેજ પર બોલાવી તેનું સન્માન કરવામાં આવ્યું ત્યારે આ યુવાનની માતા-પિતાની આંખમાં આનંદમાં આસુ વહેવા લાગ્યા. એટલું જ માં યુવાનનું સન્માન થયું ત્યારે ઉપસ્થિત સૌ મહેમાનો અને ઓડીયન્સમાં ઉપસ્થિત સૌ કોઇએ ઉભા થઇને સ્ટેન્ડીંગ ઓવેશન આપ્યું.



સૌ કોઇએ જે યુવાનને સ્ટેન્ડીંગ ઓવેશન આપ્યું તેનું નામ દેવેન બોરાણીયા ૨૪ વર્ષનો આ યુવાન પરિસ્થિતિનો સામનો કરીને જુન-૨૦૨૬માં પાયલોટ બન્યો છે. મુળ અમરેલી જીલ્લાના વાંકીયા ગામના બોરાણીયા પરિવારનો આ યુવાન દેવેન બોરાણીયા ચેતનભાઇ અને અલ્પાબેનનો પુત્ર છે. વર્ષોથી અમદાવાદ સ્થિર થયેલ ચેતનભાઇએ મિસ્ત્રીકામ કર્યું, લેબરકામ કર્યુ હાલ ફેબ્રીકેશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ચેતનભાઇ વિશ્વકર્મા વિશ્વની સાથેની વાતચીતમાં કહયું દેવેનને તેની પસંદગીની કારકિર્દી ઘડવા અમે છુટો દોર આપ્યો હતો. જીવનમાં સ્ટ્રગલ કરીને કરસકર કરીને તેને પ્રોત્સાહિત કરતા રહયા. પરિણામે તે પાયલોટ બની શકયો જેનું અમને ગૌરવ છે અને આજે સમગ્ર સમાજ તેની કારકિર્દીને બિરદાવી રહયો છે. તે જોઇને હૃદય ગદગદીત થાય છે અને આંખમાં હરખના આંસુ ઉભરાય છે.



સંસ્થાના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ સન્માન માટે દેવેનના નામની જાહેરાત કરી અને સાથોસાથ દેવેની કારકિર્દી ઘડવામાં તેના મા-બાપનો પણ સિંહફાળો છે. તેમ કહી દેવેનના પિતા ચેતનભાઇ અને માતા અલ્પાબેનને પણ સ્ટેજ પર આમંત્રીત કર્યા ત્યારે અલ્પાબેન અને ચેતનભાઇની આંખો ભાવથી ભીંજાઇ હતી. ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ દેવેનનું અદકેરૂ સન્માન થયું ત્યારે તાલીઓના ગડગડાટ સાથે સમાજે આ પરિવારને સ્ટેન્ડીંગ ઓવેશન આપ્યું. ધર્મેન્દ્રભાઇએ મણીનગરના પ્રમુખ હસમુખભાઇ શંખલપરાને પણ સ્ટેજ પર બોલાવ્યા. હસમુખભાઇની આંખો પણ એટલે ભીની થઇ. તેની દીકરી અલ્પાબેનના પુત્ર છે. દેવેનનું અદકેરૂ સન્માન થયું. અને તેમાં સહભાગી થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

અદકેરૂ વિશિષ્ટ સન્માન ઝંખવનાર દેવેને એચએસસી સાયન્સ એસવીએસપી હાઇસ્કુલ મણીનગરથી કર્યુ અને બાદમાં ચાંદખેડામાં આવેલ વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિ. કોલેજમાંથી બીઇ ઇલેકટ્રીક કર્યું. બાદમાં મહેસાણામાં ૨ વર્ષ અભ્યાસ કરી પાયલોટ બન્યો. દેવેને ફોર સીટર વિમાનનું ૨૦૦ કલાકનું ઉડ્ડયન પુરૂ કર્યું છે. અને હવે સારી જોબ પર લાગી જશે.

**મુળ અમરેલીના ચેતનભાઇ બોરાણીયાએ સામાન્ય પરિસ્થિતિમાં પણ દીકરાને પાયલોટ બનાવ્યો**

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.09
Date : 10-10-2026

Page : 32
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# સામાન્ય સભામાં સમાજની અપેક્ષા ફળી નહીં



રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિની ૨૭/૯/૨૬ના રોજ મળેલ સામાન્ય સભામાં જ્ઞાતિ દ્વારા ખોખળદળમાં ખરીદાયેલી જમીન અંગે ઉભા થયેલ ચર્ચાસ્પદ બાબતો અંગેની સત્તાવાર જાણકારી હોદ્દેદારો સમાજને આપશે તેવી સમાજ અપેક્ષા સેવી રહયો હતો. પરંતુ સામાન્ય સભામાં હોદ્દેદારોએ ખોખડદળ વાળી જમીન બાબતની કોઇ જ જાણકારી સમાજ સમક્ષ જાહેર ન કરતા સમાજમાં ખોખડદળ વાળી જમીનનો મામલો ચર્ચાસ્પદ બન્યો છે.

ખોખડદળ ગામમાં સ્મશાનની સામે આવેલ સ.નં. ૨૬૩/૧ પૈકીની ખેતીની જમીન ૧ એકર અને ૧૬ ગુંઠા જમીન જે મુળ ખાતેદાર પાસેથી સમાજના આઠ ખાતેદારોએ ખરીદી અને ત્યારબાદ એક ખાતેદારે આઠ પૈકીના એક ખાતેદારને ખેતીની જ જમીનનો એક હિસ્સો વેચી નાખતા બાકીના સાત ખાતેદારોએ મંદિર સાથે સાટાખત કરી ૧ વર્ષમાં બિન ખેતી કરી જમીન બિનખેતી કરી આપવી અને બાદમાં દસ્તાવેજ કરવો તેવી શરતે સાટા ખતથી જમીન વેંચી ત્યારે સમાજમાં એવો પ્રશ્ન ચર્ચાઇ રહયો છે કે જ્ઞાતિએ મુળ ખાતેદાર પાસેથી બિનખેતી કરી આપવાની શરતે જમીન કેમ ન ખરીદી ? બે વખત દસ્તાવેજ કરવાથી સમાજના પૈસાનો દુર્વ્યય નથી ? આવા ચર્ચાસ્પદ મુદ્દા અંગે સામાન્યસભામાં આધારભૂત માહિતી આપશે તેવી સમાજને આશા હતી પરંતુ સમાજની આ આશા ઠગારી નીવડી છે.

જમીનની કિંમત સાત કરોડ અને અન્ય ખર્ચના ૧ કરોડ મળી જમીન ૮ કરોડમાં પડશે તેવી ટ્રસ્ટીએ જાહેરાત કરી હતી. આ અન્ય ખર્ચના ૧ કરોડ શેના ? તેની સ્પષ્ટતા પણ સામાન્ય સભામાં થશે તેવી અપેક્ષા હતી પણ સમાજની આ અપેક્ષા ફળી નથી.

સમાજે જે જમીન લીધી છે. તેમાં ટી.પી. સ્કીમ જાહેર થઇ છે. તો આ ટી.પી. સ્કીમ ૫૬માં સમાજે લીધેલ જમીનમાંથી જમીન કપાત થાય છે નહીં ? જમીન કપાય છે તો કેટલી કપાય છે ? તે અંગેની વિગત જાણવા પણ સમાજ આતુર હતો. પરંતુ સામાન્ય સભામાં આ અંગે કોઇ જ માહિતી ન મળવા સાચી હકીકત જાણવાની સમાજની અપેક્ષા ફળીભૂત થઇ નથી. ખોખડદળ જમીન અંગેની સત્તાવાર અને પારદર્શક માહિતી મેળવવા સમાજ ઉત્સુક છે. સમાજની આ ઉત્સુકતા પુરી કરવાની જવાબદારોને શકિત આપે તેવી પ્રભુ પ્રાર્થના...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઇનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - તંત્રી

# સ્ટંટ વર્સીસ સમજદારી(વાર્તા)

જયોતિ ગજજર



આણંદની સ્વસ્તિક ઓર્થોપેડીક હોસ્પિટલના રૂમ નંબર-૪ના બેડ ઉપર સુતેલા શરનનો હાથ પંપાળતા શુભમ બોલ્યો, ''દોસ્ત, કેવુ લાગે છે હવે? જ્યુસ લાવ્યો છું, ચાલ પીવડાવી દઉં.''

શરન એટલે શુભમનો રૂમ પાર્ટનર. એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન મળ્યું ત્યારથી બંને હોસ્ટેલનો એકજ રૂમ શેયર કરતાં, ઘરથી દૂર હોસ્ટેલમાં રહેતાં સ્ટુડન્ટને જો સમજદાર રુમપાર્ટનર મળી જાય તો એ નસીબદાર કહેવાય, એટલે રૂમ પાર્ટનરની બાબતે બંને નસીબદાર નીકળ્યા. બંને એકબીજાની જરૂરિયાત સમજતાં, રુમની સાથે સાથે એકબીજાની વસ્તુઓ, સુખ-દુઃખ બધુંજ શેયર કરતાં, બંનેની જોડી શોલે ફિલ્મના જય-વીરૂની જેમ આખીયે કોલેજમાં પ્રખ્યાત હતી.

શુભમના પિતા બિઝનેસમેન, વડોદરાના પોશ વિસ્તારમાં એમનો બંગલો, જ્યારે શરનના ઘરની પરિસ્થિતિ સામાન્ય, મમ્મી-પપ્પાના અકસ્માતે મૃત્યુ પછી એના કાકા-કાકી સાથે રહીને એ મોટો થયો હતો. સુખ, સગવડ અને પરિવારની હુંફ વચ્ચે ઉછરેલો શુભમ આનંદી સ્વભાવનો હતો. જ્યારે નોકરી કરીને પરિવારની જરૂરિયાતો માંડ પુરી કરી શકતા મધ્યમ વર્ગના કાકા-કાકીના ઘરમાં કંઈક ને કંઈક અછત અને પરિવારની હુંફ વગર મોટો થયેલો શરન અંતર્મુખી સ્વભાવનો હતો.

હોસ્ટેલની રૂમ શેયર કરતાં કરતાં, જીગરજાન દોસ્ત બની ગયેલા બંને મિત્રો ક્યારેક મેશનું જમવાનું ખાઇ ખાઇને કંટાળે તો મોડીરાત્રે કબાટમાં સંતાડીને રાખેલ ઇન્ડકશન કાઢે, બે મિનિટમાં મેગી તૈયાર. (જેને બનતા ખરેખર તો દસ મિનિટ થાય એ અલગ વાત છે.) અલગ અલગ નાસ્તાની આવી જયાફત તો ઘણીવાર થાય... દિવાળી ટાઇમે અડધી રાતે હોસ્ટેલની ટેરેસ પર સુતળી બોમ્બ ફોડી સંતાઈ જવાનું, અને પછી સિક્યોરિટીગાર્ડ સાથે શોધવા નીકળવાનું કે ટેરેસ પર બોમ્બ કોણે ફોડ્યો... અને જો આવી નિર્દોષ મસ્તીઓ કરતા પકડાઇ જવાય તો યેનકેન પ્રકારે એકબીજાને બચાવી લેવાના... શુભમની સાથે રહીને સંકુચિત સ્વભાવનો શરન પણ ધીમે ધીમે થોડીઘણી મસ્તી કરતો થઈ ગયો હતો.

શુભમ નાનપણથી જ એક લકઝરી લાઈફ સ્ટાઈલ જીવ્યો હતો. જ્યારે શરન માટે આ લાઈફ સ્ટાઈલ નવી હતી. શુભમે શરનને પોતાની બધી જ વસ્તુઓ વાપરવાની છુટ આપી દીધી હતી, શરૂઆતમાં એ શુભમની વસ્તુઓ વાપરતાં ખચકાતો, પણ પછી શુભમના સરળ અને નિખાલસ સ્વભાવે, એનો ખચકાટ દુર કરી દીધો. ધીમે ધીમે શરનને આ લાઈફ સ્ટાઈલની આદત પડવા લાગી હતી, શુભમ પણ દોસ્તને બધું જ દિલ ખોલીને આપી દેતો.

તે દિવસે શુભમની બર્થડે હતી, એ બહુ જ ખુશ હતો કેમકે એના પપ્પાએ એને બહુ જ ગમતી અપાચે બાઈક ભેંટમા આપી હતી અને સલાહ પણ કે, ''બેટા શુભમ! બાઈક હંમેશા નોર્મલ સ્પીડે ચલાવજે અને લાયસન્સ પણ હંમેશા પાસે રાખજે.''

''હા પપ્પા'' કહીને શુભમ પપ્પાને ભેટી પડ્યો. બીજા દિવસે નવું જ બાઈક લઈને શુભમ હોસ્ટેલ આવ્યો.

આજથી ત્રણ દિવસ પહેલા શુભમની બાઈકની ચાવી આંગળીમાં ભરાવી, ગોળ ગોળ ફેરવતો શરન સડસડાટ હોસ્ટેલની સીડીઓ ઉતર્યો, ત્યારે પહેલીવાર શુભમે એને

ટોક્યો, ''શરન! મારા ભાઈ, પહેલા લાયસન્સ કઢાવી લે, પછી જ એકલો બાઈક લઈને જજે. બાઈક અહીં જ છે, ક્યાંય ભાગી જવાની નથી.'' એમ કહી શુભમે બાઈકની ચાવી શરન પાસેથી લઈ લીધી. ચાવી તો પાછી આપી દીધી, પણ શરનને શુભમની આ સીધી ને સટ્ટ વાતનું ખોટું લાગી ગયું. બીજા દિવસે શરન બાજુની રૂમમાં રહેતા પ્રણવની બાઈકની ચાવી લઇને, શુભમની સામેથી એવી જ રીતે ચાવી ગોળ ગોળ ફેરવતો સડસડાટ સીડીઓ ઉતર્યો, જાણે શુભમને કહેતો હોય કે, ''જો તેં બાઈક ન આપી તો કંઈ નહીં, પ્રણવે એની બાઈક મને આપી.'' શુભમે એ વાતને હળવાશમા જ લીધી અને શરનને ટોકતાં કહ્યું, ''શરન તને હજુ સરખું બાઈક ચલાવતા નથી આવડતું અને તારી પાસે લાઈસન્સ પણ નથી, એટલે મારૂં માન, દોસ્ત! બાઈક લઈને બહાર ન જા, બહુ જરૂરી હોય તો ચલ હું આવું સાથે.'' પણ શુભમની વાત સાંભળ્યા વગર જ શરન બાઈક લઈને ફુલસ્પીડે નીકળી ગયો.



અને અત્યારે હોસ્પિટલમાં પોતાનો હાથ પંપાળી રહેલા શુભમની સામે જોઈ શરન રડી પડ્યો, જાણે કહી રહ્યો હોય, ''દોસ્ત મેં તારી વાત માની હોત તો સારું થાત.''

ત્યારે શુભમ બોલ્યો, ''વાંક મારો જ છે શરન, એક લાફો મારીને તારી પાસેથી બાઈકની ચાવી લઇ લેવાની હતી. તારા પર એટલો હક્ક તો છે જ ને મારો. મારા પપ્પાએ મારું પાકું લાયસન્સ નહોતું આવ્યું ત્યાં સુધી મને એકલાને બાઈક કે કાર ચલાવવા પણ નથી આપ્યાં.'' જરીક ઉંડો શ્વાસ લઇને શુભમ ફરી બોલ્યો, ''ભગવાનનો આભાર માન કે આ એક્સિડન્ટમાં તું બચી ગયો, અને તે જેને બાઈક ભટકાવી એ ભાઈ પણ બચી ગયા છે, પણ એ ભાઈનો પગ ફ્રેક્ચર થઈ ગયો છે, એમને પણ તારી જેમ પગનું ઓપરેશન કરવું પડ્યું છે. તું આવી નિર્જીવ વસ્તુના મોહમાં ફસાઈને જીવ જોખમમાં મૂકી દઈશ એવી તો મેં કલ્પના પણ નહોતી કરી. અને ઘરની જરૂરિયાત પણ માંડ પુરી કરી શકતા તારા કાકા, તારો કોલેજનો ખર્ચો માંડ ઉઠાવે છે, એ તારું હોસ્પિટલનું બીલ કેવી રીતે ભરશે? એ વિચાર પણ ન આવ્યો તને સ્ટંટ કરતાં પહેલાં?''

ભીની આંખે શરન બોલ્યો, ''તારો નહીં બધો જ વાંક મારો છે, તેં તો મને રોક્યો હતો, ચેતવ્યો હતો પણ યુવાનીના નશામાં હું સાચા ખોટાનું ભાન ભુલ્યો, ફુલસ્પીડે સ્ટંટ કરવા ગયો, સ્લીપ થયો અને સાથે પેલા ભાઈને પણ વગાડી બેઠો, તારા જેવા દોસ્તની પ્રાર્થનાના પ્રતાપે જીવતો છું. નહિતર આવા એક્સિડન્ટમા લોકોનું ઓન ધ સ્પોટ ડેથ પણ થઈ જતું હોય છે.''

''બસ હવે બોલવાનું બંધ કર. અને આરામ કર, તારા કાકાને મેં ફોન કરીને કહી દીધું છે કે હોસ્પિટલના બીલની ચિંતા ન કરશો, મારા પપ્પા ભરી દેશે.''શરનને જ્યુસ પીવડાવતા શુભમે કહ્યું.

રૂમાલથી શરનનુ મોં લુછી, શરનના હાથ પગ હુંફાળા પાણીથી સ્પંજ કરતાં શુભમ બોલ્યો, ''એક ખોટું સ્ટેપ ભરો એટલે જીવનનો આખોય દાખલો ખોટો પડી જાય દોસ્ત, યુવાની કંઇક ક્રીયેટીવીટી કરવા માટે હોય છે, આવા નકામા સ્ટંટ કરી વેડફી નાખવા માટે નહીં. આજની યંગ જનરેશનને સમાજ પ્રત્યેની જવાબદારીઓનું કંઇ ભાન જ નથી, બસ પોતાની મસ્તીમાં જ જીવવું છે. તે જેને બાઈક ભટકાડ્યુ એ ભાઇ તો બિચારા વગર વાંકે હોસ્પિટલમાં છે. મહિનાનો ખાટલો આવ્યો છે એમને. અને તારી ઉપર લાયસન્સ વગર વાહન ચલાવવાનો કેસ ફાઈલ થયો છે તેના માટે જે સજા થશે એ તો અલગ.'' શુભમે કહ્યું.

શુભમનો હાથ પકડી માફી માંગતા શરન બોલ્યો, ''મને માફ કરી દે દોસ્ત, આજ પછી ક્યારેય યુવાનીના નશામાં વિચાર્યા વગરનું પગલું નહીં ભરૂ.''

''હું તને માફ કરવા વાળો કોણ? જા, માફી પેલા ભાઈ અને એમના પરિવારની માંગ, જેને તે તારા બેફામ ડ્રાઈવિંગથી વગર વાંકે હોસ્પિટલમાં પહોંચાડી દીધાં છે. અને હા! આ બીલના પૈસા તારે જાતે જ કમાઇને મારાં પપ્પાને પાછા આપવાના છે, હોં ભાઈ! તારી કોલેજની ફી માટે આપ્યા હોત તો પાછા ન લેત મારા પપ્પા, પણ આ બીલ તો તારા સ્ટંટનુ પરિણામ છે ભાઈ, એટલે જલ્દી સાજો થઈ જા... અને હા, આ બનાવ પરથી કંઈક બોધ લેજે શરન.'' કહીને શુભમ રૂમની બહાર નીકળી, બીલીંગ કાઉન્ટર તરફ આગળ વધ્યો.

# ''મેરા ભારત પરેશાન''

અસ્મિતા વિસરોલિયા(થાનગઢ)




''જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હે બસેરા' રાજેન્દ્ર ક્રિષ્ણના લખેલા આ ગીતમાં આપણા ભારત દેશનું સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. ભારત દેશનું નામ સાંભળતા જ આપણું મસ્તક ગૌરવથી ઊંચું થઈ જાય છે. આપણે બધા ભારતવાસી હોવાનું ગૌરવ અનુભવીએ છીએ. એ ભારત દેશ જ્યાં મહાન સંતોએ જન્મ લીધો. એ પવિત્ર ભૂમિ એટલે ભારતભૂમિ. મારો દેશ મારો ભારત કેવો સુંદર કેટલો વિશાળ..!!

આપણા દેશને '' મેરા ભારત મહાન'' કહેવાય છે. પરંતુ હાલની પરિસ્થિતિ જોતા શું 'મેરા ભારત મહાન' લાગે છે? વિચારવા જેવું છે શું ખરેખર ભારત દેશ મહાન રહ્યો છે..!હાલના અનેક સળગતા પ્રશ્નો જેવા કે મોંઘવારી, બેરોજગારી, દર પાંચ મિનિટે થતા બળાત્કાર, ગરીબી જાતિવાદ,અંધવિશ્વાસ,ખોટી ધાર્મિક માન્યતાઓ વગેરે ખૂબ ફુલ્યા ફાલ્યા છે. દેશની રાજકીય પરિસ્થિતિ કથળતી જાય છે. સરકારી કર્મચારીઓ લાંચ લઈ પોતાના ઘર ભરે છે. એક તરફ સાક્ષરતા અભિયાન છે તો બીજી તરફ હજારો યુવાનો બેરોજગારીના ભરડામાં પીસાઈ રહ્યા છે. યુવાનોને ઉચ્ચ અભ્યાસ કર્યા પછી પણ નોકરી મળતી નથી પરિણામે ભારતમાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ વધી રહ્યું છે.

દેશમાં દર પાંચથી સોળ મિનિટે એક બળાત્કાર થાય છે. દિલ્હીના નિર્ભયાકાંડ પછી પણ દેશમાં કશું બદલાયું નથી. અત્યંત દુઃખની વાત તો એ છે કે આવી ઘટનાઓ પર રાજકીય રમત રમાય છે. જ્યારે પણ આવી ઘટના બને છે ત્યારે રાજકીય પક્ષો પોતાના હિત અનુસાર એકબીજા પર આરોપ લગાવતા રહે છે. ગુનેગારોને સજા થતી નથી.આવા ગુનેગારો ખુલ્લેઆમ ફરે છે. ગુનેગારોને કાયદાનો ડર જરા પણ રહ્યો નથી. એક તરફ આપણે ''બેટી બચાવો''ના નારા લગાવી રહ્યા છીએ ત્યારે આ બેટીઓની લાજ બચાવવા સરકાર કોઈ કડક પગલાં લઈ રહી નથી.

દેશમાં ભ્રષ્ટાચાર પણ ખૂબ જ વધ્યો છે. ભ્રષ્ટાચારી નેતાઓ પોતાની ખુરશીની ચાહતમાં વોટ ચોરી કરી રહ્યા છે. સરકારી કચેરીઓમાં કર્મચારીઓ લાંચ લઈ મજા કરે છે. ચૂંટાયેલી સરકારો લોકશાહીનું ખૂન કરી રહી છે. દરેક સરકાર એવું ઈચ્છે છે કે નોકરશાહી નોકરી કરે, ગુલામી કરે, મોં બંધ રાખે. થોડું ઘણું એ ખાય અને અમને ધરાઈને ખાવા દે. આ કાર્ય પદ્ધતિ દેશ માટે ઘાતક છે. ભારત એકલો દેશ એવો છે જ્યાં રસ્તા પર ચાલતી

ગાડીઓનું ચલણ તો કેમેરા કાપે છે પણ એ જ કેમેરાને રસ્તાનાં ખાડા દેખાતા નથી. ભ્રષ્ટાચાર દેશનું સૌથી મોટું પ્રદુષણ છે.

ભારતમાં સરકારી શિક્ષણ વ્યવસ્થા પણ સંકટમાં છે. ઘણી ખરી સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. ઉપરાંત સરકારી શાળાઓની સ્થિતિ દયનીય બની રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની ભરતી અને શાળાઓના બાંધકામમાં ખામીઓ જોવા મળે છે. આથી સરકારી શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તા પર પ્રશ્નો ઊભા થાય છે. શાળાના શિક્ષકો પાસે શિક્ષણ સિવાયની અનેક પ્રકારની બિન શૈક્ષણિક કામગીરીઓનું ભારણ હોવાથી શિક્ષકો બાળકોને અભ્યાસ માટે પૂરતો સમય આપી શકતા નથી.એક તરફ સાક્ષરતા અભિયાન છે તો બીજી તરફ શિક્ષણ વ્યવસ્થા અપુરતી છે. શાળાઓમાં પૂરતા વર્ગખંડ નથી ,પૂરતા શિક્ષકો નથી,પૂરતા લેબ નથી. પરિણામે દેશમાં શિક્ષણનો પાયો નબળો પડતો જાય છે.

દેશમાં ગંદકી અને પ્રદૂષણનો મુદ્દો પણ બહુ અગત્યનો છે. અહીં ગંદગી સડકો પર છે એવું નથી અહીં ગંગા,યમુના,નર્મદા જેવી પવિત્ર નદીમાં પણ ગંદગી ફેલાયેલી જોવા મળે છે. આપણે દેશની નદીઓને માતાનું બિરુદ આપ્યું છે. એ પવિત્ર નદીઓ ગંદગીથી ખદબદી રહીં છે.

દેશમાં આંતકવાદ અને જાતિવાદે પણ જોર પકડ્યું છે. આંતકવાદ અને જાતિવાદ દેશની એક ગંભીર સમસ્યા છે. ગમે ત્યાં,ગમે ત્યારે, ગમે તે જગ્યાએ બોમ્બ વિસ્ફોટ થાય છે અને હજારો નિર્દોષ લોકો મૃત્યુ પામે છે.આપણી સરકાર આંતકવાદ નાથવા કોઈ ઠોસ પગલાં લઈ શકી નથી.

ખબર નહીં કોનો વિચાર હતો પણ જાતિવાદ દેશની મુખ્ય સમસ્યાની એક છે. જ્યાં દેશ વિશ્વ ગુરુ બનવા જઈ રહ્યો છે ત્યાં જાતિવાદના મૂળ ખૂબ ઊંડા જઈ રહ્યા છે. વિવિધતામાં એકતા ધરાવતો આપણો દેશ ક્યાંક ને ક્યાંક જાતિવાદના દૂષણમાં ફસાયેલો દેખાય છે. જાતિવાદને રાજનીતિ દ્વારા પોષીને મોટું સ્વરૂપ આપવામાં આવ્યું છે. દેશના રાજકારણીઓએ માત્રને માત્ર પોતાની વોટ બેંક ચલાવવા માટે આ જાતિવાદના રાક્ષસને ખુલ્લો મૂકી દીધો છે. પોત પોતાના જ્ઞાતિવાદના કુંડાળામાંથી દેશની પ્રજા ક્યારે બહાર આવીને દેશના આર્થિક કે સામાજિક વિકાસ વિશે વિચારવાનો પ્રયત્ન જ નથી કરતી. જ્યારે દેશની એકતા અને અખંડિતતાની વાત આવે ત્યારે રાજકારણીઓ પોતાના વિસ્તારમાં જાતિઓને ઉશ્કેરીને જ્ઞાતિવાદના વમળને ઊંડા બનાવે છે.

દેશમાં અંધવિશ્વાસ અને ખોટી ધાર્મિક માન્યતાઓએ માઝા મૂકી છે. ઠેર ઠેર આના ઉદાહરણો જોવા મળે છે. લોકો લોજીક અને વિજ્ઞાનને બદલે મેજીકમાં વધુ માને છે. દેશમાં ધર્મના નામે ધતિંગ વધતા જાય છે. એક તરફ આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવીએ છીએ ત્યારે દેશમાં વધતા જતા આ બધા દૂષણોને જોઈને વિચાર આવે કે...... મારો મહાન દેશ ખુબ પરેશાન છે..

''મેરા ભારત મહાન'' આજે સાચે જ
'' મેરા ભારત પરેશાન'' છે.

# સોનીગરા પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓનું અદકેરૂ સન્માન



સમગ્ર સોનીગરા પરિવારના સુડાવડ ખાતે આવેલ સુરાપુરા મંદિર ખાતે શ્રી સોનીગરા પરિવાર સુરાપુરા દાદા મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ સર્વપિતૃ અમાસ તા. ૧૧-૯-૨૬ના રોજ સુરાપુરા દાદાના ચોખા તથા પાણી રેડવાનો તથા વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર સોનીગરા પરિવારના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓનું અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ટ્રસ્ટીઓ અંબારામભાઇ પ્રાગજીભાઇ, તુલસીભાઇ મોહનભાઇ, જેન્તીભાઇ દેવજીભાઇ, હેમેન્દ્રભાઇ પ્રભુદાસભાઇ, દેવાંગભાઇ ભરતભાઇ તેમજ પ્રમુખ રમેશભાઇ ભીખુભાઇ, ઉપપ્રમુખો નરોતમભાઇ મનજીભાઇ, રતિલાલ બાબુભાઇ, મંત્રી કિશોરભાઇ કાંતિભાઇ, મંદિર મંત્રી મનુભાઇ ધનજીભાઇ, ખજાનચી જયસુખભાઇ ભીખુભાઇ, તેમજ કારોબારી સભ્યો મહેશભાઇ નાથાભાઇ, કિશોરભાઇ વૃજલાલભાઇ, દેવેન્દ્ર અમુભાઇ, રાકેશભાઇ રસીકભાઇ, ભાવીનભાઇ શાંતિભાઇ, વિનુભાઇ વિઠ્ઠલભાઇ, મયુરભાઇ જેન્તીભાઇ અને વિજયભાઇ રતિભાઇ વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું. આગલા દિવસે રાત્રે ચંદ્રેશ ગજ્જર અને ઉમેશ પટેલનો લોકડાયરો યોજવામાં આવ્યો હતો.

**(અહેવાલ : તુલસીદાસ સોનીગરા)**

# દુર્ગાદેવી ભગવતીચરણ વહોરા – ક્રાંતિકારી વીરનારી

ભાવિન કથેચા

શાસ્ત્રોમાં નારીને નારાયી તરીકે ઓળખવામાં આવી છે. કહયુ છે કે, જયાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. ભારતીય સંસ્કૃતિમાં અહલ્યા, તારામતી, સીતા, મંદોદરી અને દ્રોપદ્રી પાંચ સતી સ્વરૂપે પુજવામાં આવે છે. નવરાત્રિમાં માતાજીનું સ્થાપન, પુજન અર્ચન કરી ગરબા રમવામાં આવે છે. દેવીઓને અધિશકિત, શકિતસ્વરૂપે પુજવામાં આવે છે. સરસ્વતી દેવીને વિદ્યાદેવી તરીકે વંદન કરવામાં આવે છે. ઉત્તમ પતિ પ્રાપ્તિ અને તેમણા દીઘાર્યુ જીવન માટે સ્ત્રીઓ પાર્વતીજી અને લક્ષ્મીજીના વિવિધ વ્રતો રાખે છે. વિશ્વમાં નારીની મહાનતા દર્શાવતા લીડરતા અને નીડરતાના અનેક કિસ્સાઓ પ્રખ્યાત છે. ભારતમાં રાણી લક્ષ્મીબાઇ, જીજાબાઇ, સાવિત્રીબાઇ ફુલે, સરોજીની નાયડુ અને ઇન્દિરાગાંધીના નીડરતા અને લીડરતાના પ્રસંગો આદર્શરૂપ ઉદાહરણો પુરા પાડે છે.



આઝાદીની લડાઇમાં ઘણા બધા કિસ્સાઓ અમર બની સ્મૃતિમાં સચવાઇ રહયા છે, કેટલાય કિસ્સાઓ બહુ પ્રચલિત બન્યા છે. તો ઘણા બધા કિસ્સાઓ ઓછા પ્રચલિત અને અંધકારમાં ખોવાઇ ગયા છે. તેવા ઓછા જાણીતા કિસ્સાઓમાં એક નામ છે દુર્ગાદિવી ભગવતી ચરણ વહોરા તેમનો જન્મ ૭ ઓકટોબર ૧૯૦૭માં અલ્હાબાદમાં થયો હતો. તેમના લગ્ન ક્રાંતિકારી, લેખક-વિચારક, સિદ્ધાંતવાદી ભગવતીચરણ વહોરા સાથે થયા હતા. દુર્ગાદિવીએ લગ્ન બાદ શિક્ષણની તાલીમ મેળવી પતિ સાથે ક્રાંતિકારી ચળવળમાં કદમથી કદમ મેળવી સાથ આપ્યો હતો. સંસ્થાની વ્હયુરચના ઘડવી, સ્વતંત્રતા માટે ભંડોળ એકત્રિત કરવુ, ક્રાંતિકારીઓ સાથે પત્ર વ્યવહાર કરવા, પત્રોની આપ-લે કરવી તથા બોંબ બનાવવામાં પણ ક્રાંતિકારીઓને સાથ આપતા. તેઓ સાડીની આડમાં પિસ્તોલ સંતાડીને ફરતા હતા. ક્રાતિકારીઓ આદરથી તેમણે દુર્ગાભાભી અને લાડથી ટપાલપેટી કહી પણ સંબોધતા. ક્રાંતિકારીઓના માથા પર હંમેશા કફન રહેતું હોય છે. ગમે તેવા જોખમી સાહસોની દુર્ગાદિવી ખુશીથી પાર પાડતા.

ભગતસિંહે ભગવતીચરણને ટેલીગ્રામ મોકલ્યો કે હું અને દુર્ગા ભાભી લખનૌ-કોલકતા ટ્રેનમાં આવીશું. અંગ્રેજ સરકાર ક્રાંતિકારીઓને પકડવા હંમેશા સજાગ રહેતી. ટ્રેન કોલકતા સ્ટેશને આવી પહોંચી પરંતુ ભગવતીચરણ જે લોકોને જોવા આતુર હતા તેવા ચહેરા તેણે દેખાતા ન હતા. એટલામાં એક યુરોપિયન કપલ ત્યાં આવી ઉભુ રહયું. પેન્ટ, શર્ટ, ઓવરકોટ, તિચ્છીકેપમાં આવેલા ભગતસિંહને ઓળખવામાં ભગવતીચરણને ઘણીવાર લાગી અરે ભગત તું ? તેણી સાથે આવેલ કોઇ સ્ત્રી એક વર્ષના બાળકને તેડી ઘણા સમયથી પોતાને નિરખ્યા કરે છે તેવું ભગવતીચરણને લાગતા ખુદ દુર્ગાદિવી હસીને બોલ્યા હું દુર્ગા ! મને પણ ન ઓળખીને ? ત્યારે ભગવતીચર આદરથી બોલ્યા કે ભગતને જીવના જોખમે કોલકોતા પહોંચાડવાનું જોખમી કાર્ય માત્ર તું જ કરી શકે. જે દિવસે ભગતસિંહ અને તેના સાથીદારો ધારાસભામાં બોંબ વિસ્ફોટ કરવાના હતા તે દિવસે દિલ્હી શહેરના ગાર્ડનમાં ભગવતીચરણ, દુર્ગાદિવી, બટુકેશ્વરદત્ત, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ જેવા લીડર ક્રાંતિકારીઓ એકત્રિત થયા હતા. દુર્ગાદિવીએ ભગતસિંહ માટે ભાવતા ભોજન બનાવ્યા હતા.

દુર્ગાદેવીનો ખુબ જ જોખમી બહાદુરીભર્યો બીજો એક કિસ્સો છે. જે મુંબઇના લેમિંગટન રોડ પર આવેલા પોલીસસ્ટેશનની બહાર એક અંગ્રેજ દંપત્તિ ઉભુ હતુ. જે પોલીસ સાર્જન્ટ અને તેની પત્ની હતા. ત્યાંથી એક પુરજોશમાં આવેલી કારમાંથી કોઇ અજાણી વ્યકિતએ પિસ્તોલમાંથી કરેલ ફાયરીંગમાં ત્રણ બુલેટ સ્ત્રીના પગમાં અને એક બુલેટ પોલીસ અફસરની આરપાર નીકળી ગઇ. અંગ્રેજ સરકાર માટે ખુબ પડકારજનક થઇ પડયું કે આટલી ઝડપે આવેલી કારમાંથી કોઇ આટલુ સચોટ નિશાન કઇ રીતે સાધી શકે, એ પણ કોઇ પુરૂષ નહીં પણ સ્ત્રી ! પુરા કિસ્સામાં દુર્ગાદિવીનું નામ આપ્યું નહીં. પરંતુ આ વાતની કબુલાત દુર્ગાદિવીએ ખુબ વર્ષો પછી પોતે જ જાહેર કરી.

૧૯૯૯માં ૯૨ વર્ષની અવસ્થાએ તેઓ અવસાન પામ્યા. બહુ અફસોસની બાબત છે કે ઇતિહાસમાં દુર્ગાદિવી જેવા બહાદુર ક્રાંતિકારી નારીના કિસ્સાઓનો સમાવેશ પાઠયપુસ્તકોમાં સ્થાન પામેલ નથી. દુર્ગાદિવી જેવા ક્રાંતિકારી નારીઓએ ભારતની આઝાદી ચળવળમાં પાયાના પથ્થર જેવું મહાન બલીદાન આપ્યું છે.



# સ્ક્રોલિંગના વમળમાં ખોવાતું બાળપણ

બાળક મોબાઇલ વાપરે છે કે મોબાઇલ ધીમે ધીમે બાળકનું ધ્યાન વાપરી રહ્યો છે?

મમ્મી. બસ પાંચ મિનિટ. આજના ઘરોમાં આ કદાચ સૌથી સામાન્ય વાક્ય બની ગયું છે.

બાળક મોબાઇલ હાથમાં લે છે. આપણે પણ બહુ વાંધો નથી લેતાબસ થોડી વાર જ તો છે. પણ પછી એક વીડિયો પૂરો થાય. બીજો શરૂ થાય. એક રીલ પછી બીજી રીલ. આપણે ફરી કહીએ. હવે મૂકી દે. જવાબ આવે, બસ આ છેલ્લી... અને ઘણી વાર એ છેલ્લી ક્યારેય છેલ્લી હોતી નથી. આપણે આને માત્ર મોબાઇલની આદત કહીને આગળ વધી જઈએ છીએ. પરંતુ છેલ્લા થોડા સમયથી મને લાગે છે કે માતા-પિતા તરીકે આપણે આ બાબતને થોડું વધુ ઊંડાણથી જોવાની જરૂર છે. પ્રશ્ન માત્ર એટલો નથી કે બાળક મોબાઇલ પર કેટલો સમય વિતાવે છે. પ્રશ્ન એ છે કે સતત સ્કોલિંગ તેના મનને શું શીખવી રહ્યું છે? બાળપણમાં કંટાળો આવતો હતો. આપણે બારી બહાર જોતા, પથારી પર પડયા પડ્યા કલ્પનાઓ કરતા, મિત્રો સાથે વાત કરતા કે કંઈક બનાવતા. ક્યારેક તો ખરેખર ''કંઈ જ ન કરતા.

આજે બાળકને બે મિનિટ કંટાળો આવે એટલે હાથ મોબાઇલ તરફ જાય છે.




**રૂપલ વડગામા**
certified parenting
Life coach and
career counsellor
મો. ૯૪૨૮૧ ૫૮૦૯૪


રાહ જોવાની હોય-મોબાઇલ.
જમવાનું પૂરું થાય મોબાઇલ.
મૂડ ખરાબ હોય-મોબાઇલ.
કંઈ કરવાનું ન હોય-મોબાઇલ.

આ રીતે ધીમે ધીમે બાળકનું મન શીખી શકે છે કે શાંતિ એટલે કંટાળો અને કંટાળો એટલે તરત કંઈક જોવું. અહીંથી સમસ્યા શરૂ થાય છે.

## ડોપામિન ડિટોક્સ-નામ કરતાં સમજ વધુ જરૂરી

આ દિવસોમાં ડોપામિન ડિટોક્સની ખૂબ ચર્ચા થાય છે. પરંતુ આ શબ્દને સમજવામાં થોડી કાળજી જરૂરી છે. ડોપામિન કોઈ ઝેર નથી. તેને શરીરમાંથી કાઢી નાખવાનો કોઈ પ્રશ્ન જ નથી. ડોપામિન આપણા મગજમાં બનતું એક મહત્વનું રસાયણ છે. જે પ્રેરણા, શીખવાની પ્રક્રિયા અને કોઈ વસ્તુ ફરી કરવાની ઇચ્છા સાથે જોડાયેલું છે.

માનો કે બાળકને એક પછી એક ટૂંકા વીડિયો મળે છે. દરેક વીડિયોમાં કંઈક નવું હોય છે-નવો અવાજ, નવું દૃશ્ય, નવો વિષય, નવું આશ્ચર્ય. મગજને વારંવાર નવી ઉત્તેજના મળતી રહે છે. એથી બાળકને ધીમે ચાલતી પ્રવૃત્તિઓ-જેમ કે પુસ્તક વાંચવું, એક જ વિષય પર ધ્યાન આપવું, ગણિતનો દાખલો ઉકેલવો અથવા શાંતિથી બેસવું-ઓછું રસપ્રદ લાગવા માંડે એવું બની શકે છે. એટલે ''ડોપામિન વધારે થઈ ગયું એવું

કહેવું યોગ્ય નથી. વાત વધુ સાચી રીતે સમજીએ તો–ઝડપી અને સતત મળતી ઉત્તેજનાની આદત પડી રહી છે. ડોપામિન ડિટોક્સ એટલે ડોપામિન બંધ કરવું નહીં.

તેનો અર્થ છે–મગજને સતત મળતી ઝડપી ઉત્તેજનાથી થોડો વિરામ આપવો અને ફરીથી ધીમી, સરળ અને વાસ્તવિક બાબતોમાં આનંદ અનુભવવાની તક આપવી. આ કોઈ એક દિવસનો ઉપાય નથી. આ તો રોજિંદી ટેવોને થોડા થોડા બદલવાની પ્રક્રિયા છે.

**તો માતા-પિતા શું કરી શકે?**

મારા અનુભવમાં, માત્ર ''ફોન ઓછો વાપર કહેવું બહુ કામનું નથી. બાળકને શું કરવું નહીં એ કરતાં શું કરવું એ શીખવવું વધારે જરૂરી છે.

**૧. સવારની પહેલી મુલાકાત મોબાઈલ સાથે નહીં, પરિવાર સાથે**

બાળક જાગે અને આંખ ખોલતાં જ મોબાઇલ શોધે–આ ટેવ આપણે ધીમે ધીમે બદલી શકીએ. એક નાનો નિયમ રાખી શકાયઃ જાગ્યા પછીના પહેલા ૩૦ મિનિટ મોબાઇલ નહીં.

સવારનો સમય તૈયાર થવામાં, પરિવાર સાથે વાત કરવામાં, પાણી પીવામાં, થોડું ચાલવામાં કે દિવસ વિશે વિચારવામાં જાય. પણ આ નિયમ બાળક માટે જ બનાવશો તો ચાલશે નહીં. જો માતા-પિતા ઊઠતાં જ ફોનમાં સમાચાર અને સંદેશા જોવા લાગે, તો બાળકને આપેલો ઉપદેશ બહુ અસર નહીં કરે. બાળકને આપણે જે કહીએ છીએ તે કરતાં આપણે જે કરીએ છીએ તે વધારે યાદ રહે છે.



**૨. બાળકને કંટાળો આવવા દો**

આ વાત માતા-પિતા માટે સહેલી નથી. બાળક કહે, મને કંટાળો આવે છે.

અને આપણો તરત જવાબ હોય છે–લે, ફોન. પરંતુ દરેક કંટાળો દૂર કરવાની જરૂર નથી.

ક્યારેક બાળકને થોડો કંટાળો આવવા દો. કહો, ચાલ, જોઈએ કે તું આ કંટાળામાંથી શું શોધી શકે છે.

શરૂઆતમાં તેને કંઈ સમજાશે નહીં. પણ પછી કદાચ તે ચિત્ર દોરશે, રમકડાં ગોઠવશે. બહાર જશે, કોઈ વાર્તા બનાવશે કે ફક્ત તમારી સાથે વાત કરશે. કંટાળો ઘણી વખત સર્જનાત્મકતાનો પહેલો પડાવ હોય છે.

**૩. સમય કરતાં સામગ્રી પર પણ નજર રાખો**

માતા-પિતા ઘણી વાર પૂછે છે, બાળક કેટલા કલાક મોબાઇલ વાપરે છે?

મારો એક પ્રશ્ન વધુ છે– એ એ સમયમાં જુએ છે શું?

સામાજિક માધ્યમો પર આપણે લોકોની આખી જિંદગી નથી જોતા. આપણે તેમની પસંદ કરેલી જિંદગી જોઈએ છીએ.

સુંદર ફોટા. મોંઘી વસ્તુઓ. મજાની યાત્રાઓ. સફળતા. સુંદર દેખાવ.

બાળક વારંવાર આ બધું જુએ ત્યારે પોતાની સામાન્ય જિંદગી તેને સામાન્ય કરતાં પણ ઓછી લાગવા માંડે તો?

એટલે ક્યારેક બાળક સાથે તેની સામગ્રી વિશે વાત કરો.

આ જોયા પછી તને કેવું લાગે છે? તને પ્રેરણા મળે છે કે પોતાની સરખામણી કરવા લાગે છે?

જે વસ્તુ સતત મન પર ભાર મૂકે તેને દૂર કરવી, તેની સૂચનાઓ બંધ કરવી કે બીજી સારી સામગ્રી પસંદ કરવી–આ પણ સ્વસ્થ મોબાઇલ વપરાશનો ભાગ છે.

**૪. કેટલો સમય? કરતાં શા માટે? પૂછો**

મોબાઇલને સંપૂર્ણ ખરાબ કહી દેવો યોગ્ય નથી.

આજના બાળકો તેના દ્વારા ઘણું શીખે છે. અભ્યાસ કરે છે. નવી કુશળતા મેળવે છે. મિત્રો સાથે જોડાય છે.

એટલે ઘરમાં એક પ્રશ્ન વધારીએઃ તું મોબાઇલ કેટલો સમય વાપરે છે? સાથે તું અત્યારે મોબાઇલ શા માટે વાપરી રહ્યો છે? બાળકને સમજવા દો કે મોબાઇલથી આપણે–શીખી શકીએ છીએ. લોકો સાથે જોડાઈ શકીએ છીએ અને માત્ર મનોરંજન પણ લઈ શકીએ છીએ. ત્રણેય એકસરખા નથી. અને એક સરસ પ્રશ્ન બાળકને પોતાને પૂછતા શીખવોઃ હું ખરેખર આ જોવા માગું છું કે મારી આંગળી આપોઆપ સ્ક્રોલ કરી રહી છે? ઘણી વખત જવાબ આપણને જ ચોંકાવી દે છે.

**૫. ઊંઘ પહેલાં મોબાઇલ નહીં, મનને શાંત થવાનો સમય**

ઘણા બાળકો માટે રાત્રે પથારી એટલે મોબાઇલ સાથેનો સમય. હવે સૂઈ જાઉં છું કહીને ફોન હાથમાં આવે અને પછી ખબર પડે કે અડધો કલાક પસાર થઈ ગયો. સ્ક્રીનની રોશની અને રાત્રિના સમયનું સતત ઉત્તેજન ઊંઘની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડી શકે છે. અને ઊંઘ બગડે એટલે બીજા દિવસે બાળકની એકાગ્રતા, ચીડિયાપણું અને ઊર્જા પર પણ અસર પડી શકે છે. એટલે સૂવાના લગભગ ૩૦થી ૬૦ મિનિટ પહેલાં મોબાઇલથી વિરામ લેવાની ટેવ સારી શરૂઆત બની શકે છે.

મોબાઇલ પથારીની બાજુમાં નહીં. થોડે દૂર ચાર્જિંગ પર. તેના બદલે પુસ્તક, હળવું સંગીત, પરિવાર સાથેની વાતચીત અથવા દિવસનો શાંત અંત. અને ફરી એક વાર–આ નિયમ ઘરના બધા સભ્યો માટે હોય તો જ તેની અસર ઊંડી થાય છે.

**૬. ફોન છીનવવો નહીં, પોતાને રોકતા શીખવો**

આ કદાચ સૌથી અગત્યની વાત છે. જો આપણે દરરોજ માત્ર કહીએ–

ફોન મૂકી દે. તું આખો દિવસ ફોનમાં જ હોય છે. આજે ફોન નહીં મળે.''

તો બાળક કદાચ ફોન થોડા સમય માટે મૂકી દેશે. પરંતુ તેણે પોતાની જાતને રોકતા શીખ્યું કે નહીં?

આપણે આજ્ઞાકારી બાળક નહીં, આત્મનિયંત્રિત બાળક બનાવવું છે.

એક સરળ રીત છે-દસ મિનિટનો વિરામ.

ફોન જોવાની ઇચ્છા થાય ત્યારે તરત ન ખોલવો. દસ મિનિટ રાહ જોવી. પાણી પીવું. થોડું ચાલવું. કોઈ સાથે વાત કરવી.

થોડું ખેંચાણ કરવું. અથવા કોઈ નાનું કામ કરવું. દસ મિનિટ પછી ફરી પૂછવું-

''હવે પણ મને ખરેખર ફોન જોઈએ છે? આ નાની ટેવ બાળકને એક મહત્વની બાબત શીખવે છે- ઇચ્છા આવે એટલે તરત તેના પર કામ કરવું જરૂરી નથી.

### દરેક ઉંમરે એક જ નિયમ કેમ નહીં ચાલે?

બાળકની ઉંમર સાથે તેની સમજ, જરૂરિયાત અને સ્વનિયંત્રણ બદલાય છે. એટલે ઉપાય પણ બદલાવા જોઈએ.

### ૨ થી ૫ વર્ષ

આ ઉંમરે બાળક પોતે મોબાઇલનું નિયંત્રણ કરી શકે એવી અપેક્ષા રાખવી યોગ્ય નથી. માતા-પિતા સમય અને સામગ્રી નક્કી કરે. શક્ય હોય ત્યાં બાળક સાથે બેસીને જુએ. જમતી વખતે અને ઊંઘ પહેલાં સ્ક્રીન ટાળે. અને સૌથી અગત્યનું- બાળકને શાંત કરવા માટે દર વખતે મોબાઇલનો સહારો ન લેવો. આ ઉંમરે સ્ક્રીન કરતાં સંબંધ, વાતચીત અને રમવાની તક વધુ જરૂરી છે.

### ૬ થી ૯ વર્ષ

હવે બાળક નિયમ સમજવા લાગે છે. પહેલા જવાબદારી, પછી મનોરંજન નો નિયમ રાખી શકાય. હોમવર્ક, બહારની રમત, પરિવારનો સમય અને પછી નક્કી કરેલો સ્ક્રીન સમય. નિયમ સાથે તેનું કારણ પણ સમજાવો.

### ૧૦ થી ૧૨ વર્ષ

હવે બાળકને પોતાની ટેવો ઓળખવામાં સામેલ કરો. પૂછો- ક્યારે ફોન મૂકવો મુશ્કેલ લાગે છે? કઈ વસ્તુમાં તારો સમય સૌથી વધુ જાય છે? અહીં દસ મિનિટના વિરામ જેવી રીતો શીખવવાનો સારો સમય છે.

### ૧૩ થી ૧૫ વર્ષ

આ ઉંમરે સતત દેખરેખ કરતાં સંવાદ વધારે અસરકારક છે. માતા-પિતા અને કિશોર મળીને ઘરના નિયમ બનાવે. સવારનો સમય, ભોજનનો સમય અને ઊંઘ પહેલાંનો સમય મોબાઇલ મુક્ત રાખી શકાય. અને એક સવાલ ખાસ કામનો છે- ફોન વાપર્યા પછી તારી ઊર્જા વધે છે કે ઘટે છે?

### ૧૬ થી ૧૮ વર્ષ

હવે મોબાઇલ છીનવી લેવાનો સમય ઓછો અને જવાબદારી સોંપવાનો સમય વધારે છે.

અભ્યાસ દરમિયાન ફોન ક્યાં રહેશે? રાત્રે ક્યારે દૂર મૂકવો? કઈ એપ ઉપયોગી છે? કઈ વસ્તુ માત્ર સમય ખાય છે?

આ નિર્ણયોમાં કિશોરને સામેલ કરો. કારણ કે થોડા વર્ષોમાં તે આપણા ઘરની બહાર હશે. ત્યાં તેને ફોન મૂકી દે કહેનાર કોઈ નહીં હોય. એટલે આત્મનિયંત્રણ ઘરમાં જ શીખવવું પડશે.

એક વાત માતા-પિતાએ ખાસ યાદ રાખવી

બાળકનો ફોન તપાસતાં પહેલાં એક વાર આપણો પોતાનો ફોન જુઓ.

અમે કહીએ છીએ, જમતી વખતે ફોન નહીં. પણ શું આપણે પોતે જમતી વખતે સંદેશા તપાસીએ છીએ?

અમે કહીએ છીએ, બાળકો સાથે વાત કર. પણ બાળક વાત કરવા આવે ત્યારે શું આપણે ફોનમાંથી નજર ઊંચી કરીએ છીએ?

બાળકો આપણા શબ્દોથી ઓછું અને આપણા વર્તનથી વધારે શીખે છે.

એટલે ઘરમાં એવો માહોલ બનાવીએ જ્યાં ફોન માટે સ્થાન હોય, પણ દરેક ક્ષણમાં ફોનની જરૂર ન હોય.

ક્યારેક સાથે ચા પીવી. ક્યારેક ચાલવા જવું. ક્યારેક કોઈ વિષય પર લાંબી વાત કરવી.

ક્યારેક કંઈ ન કરવું. બાળકને અનુભવ થવા દો કે સ્ક્રીન બંધ થયા પછી જીવન બંધ થતું નથી.

### અંતિમ વિચાર

આપણે બાળકોને સારા ગુણ, સારી કારકિર્દી અને સફળ ભવિષ્ય માટે તૈયાર કરીએ છીએ. પરંતુ આ બધાની પાછળ એક એવી ક્ષમતા છે જે ધીમે ધીમે ખૂબ કિંમતી બનવાની છે- એકાગ્રતા.

મોબાઇલ આપણો શત્રુ નથી. પરંતુ જો દરેક કંટાળો સ્ક્રીનથી દૂર કરવો પડે, દરેક શાંતિને અવાજથી ભરવી પડે અને દરેક ઇચ્છા તરત પૂરી કરવી પડે, તો બાળક પોતાના મન સાથે રહેવાની કળા ગુમાવી શકે છે.

એટલે લક્ષ્ય માત્ર સ્ક્રીન ટાઇમ ઘટાડવાનું નથી. લક્ષ્ય છે બાળકને શીખવવાનું-થોભવું. પોતાની અંદર જોવું.

અને પછી પસંદગી કરવી. કારણ કે સાચી ડિજિટલ સ્વતંત્રતા એ નથી કે બાળકને મોબાઇલ કેટલો મળે છે.

સાચી સ્વતંત્રતા ત્યારે છે જ્યારે મોબાઇલ હાથમાં હોવા છતાં બાળક કહી શકે-

હવે મને આની જરૂર નથી. અને કદાચ આજના સમયમાં આપણા બાળકોને આપેલી આ સૌથી મોટી ભેટ હશે- પોતાના સમય પર, પોતાના ધ્યાન પર અને અંતે પોતાની જિંદગી પર પોતાનું નિયંત્રણ.

# કોઇ અજ્ઞાતે મને લેખ મોકલ્યો છે. તમે બધા વાંચજો

## મને ખાતરી છે કે તમારી આંખોમાં પાણી આવી જશે

બાબુભાઈ આર. મિસ્ત્રી.

ગયા અંકમાં લગ્નનો યુગ પૂરો? અવિવાહિત જીવનનો ટ્રેન્ડ? કારકિર્દી આગળ, લગ્ન પાછળ, શું બની રહ્યું છે નવી પેઢીમાં? મોડા થતા લગ્ન, ઓછા થતા સંતાન અને ખાલી થતો સમાજ. પરના મારો લગ્ન માટેનો લેખના સંદર્ભમાં કોઈ અજ્ઞાતે મને લેખ મોકલ્યો. આજે હું આ લેખ શેર કરવા જઈ રહ્યા છુ, મને કહ્યું, તમે જે લખ્યું તે ૧૦૦% સાચું હતું. બધાને વાંચવા માટે મારી નમ્ર વિનંતી.

કેનેડા ગયેલી દિકરી ૩ વર્ષ પહેલા મૃત-ગુજરી ગઈ હતી, તોય દર મહિને બાપાને આવતો હતો એનો મેસેજ. અમદાવાદની એક જૂની અને સાંકડી પોળ. આ પોળના નાકે જ કાનજી બાપાની એક નાનકડી દરજીની દુકાન. આખો દિવસ પગથી સંચો ચલાવે, લોકોના કપડાં સીવે અને પરસેવો પાડે. એમની દુનિયા એમની એકની એક દીકરી ‘અમી’. અમીની મા તો અમી જ્યારે માંડ બે વર્ષની હતી ત્યારે જ ભગવાનને પ્યારી થઈ ગઈ હતી.



પ્રતીકાત્મક તસવીર

મા વિનાની દીકરીને કાનજી બાપાએ જ મા અને બાપ બંનેનો પ્રેમ આપીને મોટી કરી હતી. પોતે અડધો રોટલો ખાય, ફાટેલા કપડાં પહેરે, પણ દીકરીને કોઈ દી દુઃખ પડવા નહોતું દીધું. અમીને પણ પોતાના બાપામાં જ આખી દુનિયા દેખાતી. કાનજી બાપાને હૃદયની ગંભીર બીમારી હતી. ડોક્ટરે કીધું હતું કે, કાનજીભાઈ, હવે બહુ કામ ના કરો, આરામ કરો, નહીંતર હાર્ટ એટેક આવી જશે. પણ કાનજી બાપા હસીને કહેતા, સાહેબ, મારી અમીના હાથ પીળા કરી દઉં, એને સારા ઘરે વળાવી દઉં, પછી મારે ક્યાં જાવું છે? પછી તો નિરાંત જ છે ને. અમી મોટી થઈ એટલે કાનજી બાપાને એના લગ્નની ચિંતા થવા માંડી.

એવામાં એક માગું આવ્યું. છોકરો કેનેડા રહેતો હતો. નામ એનું રાહુલ. રાહુલના સગાએ કાનજીબાપાને સારા સારા ફોટા બતાવ્યા. ફોટામાં મોટો બંગલો, લાંબી ગાડીઓ અને વિદેશની જાહોજલાલી દેખાતી હતી. કાનજી બાપાને થયું કે મારી દીકરી ત્યાં વિદેશમાં રાણીની જેમ રહેશે, એને કોઈ કામ નહીં કરવું પડે. બાપાએ તો આંખો મીંચીને હા પાડી દીધી. દીકરીના લગ્નનો ખર્ચો કાઢવા માટે કાનજી બાપાએ પોતાનું ઘર ગીરવે મૂકી દીધું. સગા-સંબંધીઓ પાસેથી રૂપિયા ઉછીના લીધા. આખી જિંદગીની જે કાંઈ કમાણી હતી એ બધી જ પોતાની દીકરીના લગ્નમાં વાપરી નાખી. ખૂબ ધામધૂમથી લગ્ન લેવાયા. જ્યારે અમીની વિદાયનો સમય આવ્યો, ત્યારે આખો મંડપ રડતો હતો. કાનજી બાપા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. અમીએ બાપાને ગળે વળગીને કીધું, બાપા, તમે રડો મા, હું કેનેડા જઈને જલ્દી તમને ત્યાં બોલાવી લઈશ. પછી આપણે બંને ભેગા જ રહેશું. તમે તમારી તબિયતનું ધ્યાન રાખજો. કાનજી બાપાએ દીકરીને ધ્રુજતા હાથે આશીર્વાદ આપ્યા. રડતા રડતા એમણે પોતાના કાળજાના કટકાને કેનેડા માટે વિદાય કરી. અમીના મનમાં કેનેડાના અને સુખી જીવનના મોટા સપના હતા. વિમાનમાં બેઠી ત્યારે એ વિચારતી હતી કે હવે એના બાપાના બધા દુઃખ દૂર થઈ જશે. પણ બિચારી દીકરીને ક્યાં ખબર હતી કે એની કિસ્મતમાં ભગવાને શું લખ્યું છે..?

જેવી અમી કેનેડા પહોંચી, એના પગ નીચેથી જમીન ખસી ગઈ. રાહુલ એને કોઈ મોટા બંગલામાં નહીં, પણ એક સાવ

નાની અને ગંદી ઓરડીમાં લઈ ગયો. ત્યાં કોઈ સુવિધા નહોતી.

બહાર હાડકાં થીજવી દે એવી કાતિલ ઠંડી હતી અને બરફ પડતો હતો. અમીએ ગભરાઈને પૂછ્યું, રાહુલ, આ બધું શું છે? તારો બંગલો ક્યાં છે? રાહુલે હસીને કીધું, કયો બંગલો? એ તો બધા ખોટા ફોટા હતા, હું તો અહી જુગાર રમુ છું અને મારા માથે અહીના ગુંડાઓનું બહુ મોટું દેવું છે. તારા બાપાએ દહેજમાં સાવ ઓછા પૈસા આપ્યા છે. હું તો તને અહી કામવાળી તરીકે લાવ્યો છું, જા ઘરનું કામ કરવા માંડ. આ સાંભળીને અમીના હોશ ઉડી ગયા. એના સપનાના મહેલ એક જ સેકન્ડમાં તૂટી ગયા. રાહુલ રોજ દારૂ પીને આવતો અને અમીને ઢોર માર મારતો. અમી રડી રડીને અડધી થઈ ગઈ હતી. કેનેડાની એ માઈનસ ૨૦ ડિગ્રી ઠંડીમાં, એની પાસે પહેરવા પૂરા ગરમ કપડાં પણ નહોતા. લગ્નના માંડ બે મહિના થયા હશે, ત્યાં એક રાતે રાહુલે હદ વટાવી દીધી. એણે અમીને ખૂબ માર મારી, એની પાસેથી બાકીના બધા જ પૈસા અને લગ્નના દાગીના છીનવી લીધા. અને રાતના અંધારામાં, કાતિલ ઠંડીમાં અમીને એ ઓરડીમાં સાવ એકલી મૂકીને કાયમ માટે ભાગી ગયો. અમી બારીની બહાર પડતો બરફ જોતી રહી. એની આંખમાંથી આંસુ વહેતા હતા. એ અજાણ્યા દેશમાં, જ્યાં એ કોઈને ઓળખતી નહોતી, ભાષા પણ સરખી સમજતી નહોતી, ત્યાં એ સાવ એકલી અને લાચાર પડી ગઈ હતી. એને પોતાના બાપાની ખુબ જ યાદ આવતી હતી. એણે ધ્રુજતા હાથે ફોન લીધો. એ પોતાના બાપાને ફોન કરીને રડી પડવા માંગતી હતી, કહેવા માંગતી હતી કે બાપા, બધું ખોટું છે, મને અહીથી લઈ જાવ, નહીંતર હું મરી જઈશ...પણ એણે જેવો અમદાવાદ ફોન લગાવ્યો, ત્યાં જ સામેથી પાડોશીનો એવો અવાજ આવ્યો કે અમીના હાથમાંથી ફોન નીચે પડી ગયો... ફોનમાં સામેથી પાડોશી કાકાનો અવાજ આવતો હતો, અમી બેટા, તારા બાપાને હાર્ટ એટેક આવ્યો છે, અત્યારે દવાખાનામાં છે. ડોક્ટરે કીધું છે કે એમના હૃદયની નળીઓ સાવ બ્લોક થઈ ગઈ છે. જો એમને હવે કોઈ દુઃખ પડશે કે કોઈ આઘાત લાગશે, તો એ સીધા ભગવાનના ઘરે પહોંચી જશે. આ સાંભળીને અમીના પગ નીચેથી જમીન ખસી ગઈ. એના ગળામાં ડૂમો બાઝી ગયો. જે દીકરી પોતાના બાપાને ફોન કરીને પોક મૂકીને રડવા માંગતી હતી, પોતાનું દુઃખ કહેવા માંગતી હતી, એને પોતાના આંસુઓ ગળી જવા પડ્યા.

**આટલી કાળી મજૂરી અને ભૂખ્યા રહેવાને કારણે અમીનું શરીર સાવ લેવાઈ ગયું. એક દિવસ કામ કરતા કરતા એ બેભાન થઈને બરફમાં પડી ગઈ. લોકો એને હોસ્પિટલમાં લઈ ગયા. હોસ્પિટલમાં ડોક્ટરે એના રિપોર્ટ જોઈને બહુ માઠા સમાચાર આપ્યા.**

એણે તરત જ ફોન પાછો હાથમાં લીધો, પોતાના રડતા અવાજને દબાવી દીધો અને ખોટું ખોટું હસતા હસતા બોલી, કાકા, બાપાને કહેજો કે મારી જરાય ચિંતા ના કરે. હું અહી કેનેડામાં રાણીની જેમ રહું છું. રાહુલે મને અહી બહુ મોટો બંગલો લઈ દીધો છે. એમને કહેજો કે જલ્દી સાજા થઈ જાય. ફોન મૂકતા જ અમી જમીન પર પટકાઈ અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. એ કડકડતી ઠંડીમાં એનું હૃદય ધ્રુજી રહ્યું હતું. બાપાનો જીવ બચાવવા માટે આ દીકરીએ પોતાના હોઠ કાયમ માટે સીવી લીધા. પોતાના દુઃખનો એક અવાજ પણ એણે પોતાના બાપા સુધી ન પહોંચવા દેવાની કસમ ખાઈ લીધી. હવે અમી માટે કેનેડામાં જીવવું બહુ અઘરું હતું. ઘરમાં ખાવા માટે અનાજનો એક દાણો પણ નહોતો અને ઓઢવા માટે પૂરા ગરમ કપડાં પણ નહોતા. માઈનસ વીસ ડિગ્રીની કાતિલ ઠંડીમાં, જ્યાં થૂંક પણ જામીને બરફ થઈ જાય, ત્યાં અમીએ કામ શોધવા નીકળવું પડ્યું. એણે કેનેડામાં રહેતા બીજા લોકોના ઘરે વાસણ માંજવાનું અને રોટલી બનાવવાનું કામ ચાલુ કર્યું. સવારે પાંચ વાગ્યે ઉઠીને એ કામે જતી. એના નાજુક હાથ વાસણ ઘસી ઘસીને છોલાઈ ગયા હતા. હાથમાંથી લોહી નીકળતું હતું અને પગમાં બરફના કારણે મોટા ચીરા પડી ગયા હતા. પોતે આખો દિવસ ભૂખી રહેતી, કડકડતી જૂના અને ફાટેલા કપડાં પહેરતી, પણ જે બે પૈસા કમાતી એ બધા જ પૈસા પોતાના બાપાની દવા માટે અમદાવાદ મોકલી દેતી. જ્યારે પણ બાપાનો ફોન આવે ત્યારે અમી પોતાનો બધો થાક અને દર્દ છુપાવીને હસતા હસતા વાત કરતી. એ કહેતી, બાપા, રાહુલે આ મહિને મને ઘણા બધા પૈસા વાપરવા આપ્યા છે. કાલે તો અમે હોટલમાં જમવા ગયા હતા. અમદાવાદમાં બાપા તો રાજી રાજી થઈ જતા કે મારી દીકરી ખુબ સુખમાં છે. પણ એ બાપને ક્યાં ખબર હતી કે એની દીકરી અહી પારકા લોકોના એંઠા વાસણ ઘસીને માંડ માંડ પેટનો ખાડો પૂરે છે.

આટલી કાળી મજૂરી અને ભૂખ્યા રહેવાને કારણે અમીનું શરીર સાવ લેવાઈ ગયું. એક દિવસ કામ કરતા કરતા એ બેભાન થઈને બરફમાં પડી ગઈ. લોકો એને હોસ્પિટલમાં લઈ ગયા. હોસ્પિટલમાં ડોક્ટરે એના રિપોર્ટ જોઈને બહુ માઠા સમાચાર આપ્યા. ડોક્ટરે કીધું, તમને ફેફસાની બહુ ગંભીર બીમારી થઈ ગઈ છે. હવે તમારી પાસે જીવવા માટે માંડ એકાદ મહિનો બચ્યો છે. આ સાંભળીને કોઈ પણ માણસ ડરી જાય, પણ અમી ડરી નહી. એને પોતાના મરવાની બીક નહોતી, પણ એને એ વાતની બીક હતી કે, જો હું મરી જઈશ,

તો મારા બાપાનું શું થશે? એ તો મારી ખુશીના આધારે જ શ્વાસ લઈ રહ્યા છે. મારા મરવાના સમાચાર સાંભળતા જ મારા બાપાનું પ્રાણ પંખેરું ઊડી જશે. અમીએ હોસ્પિટલના બિછાને એક એવો પ્લાન વિચાર્યો જે સાંભળીને ભગવાનની આંખમાં પણ આંસુ આવી જાય. એણે નક્કી કર્યું કે પોતે મરી જશે, પણ પોતાના બાપા માટે હંમેશા જીવતી જ રહેશે.

અમીએ પોતાની એક ગુજરાતી બેનપણી, જેનું નામ 'નીતા' હતું, એને બોલાવી. અમીએ નીતા પાસે નવા કપડાં માંગ્યા. પોતાના ચહેરા પર થોડો પાવડર લગાવીને એ હોસ્પિટલની બહાર બગીચામાં ગઈ. ત્યાં એણે અલગ અલગ કપડાં પહેરીને ૫૦ જેટલા સરસ મજાના ફોટા પડાવ્યા. એના ચહેરા પર દુઃખ હતું, પણ ફોટામાં એણે ખોટું હાસ્ય રાખ્યું હતું. પછી અમીએ પોતાના મોબાઈલમાં ઘણા બધા વોઈસ મેસેજ રેકોર્ડ કર્યા. એક મેસેજમાં એ બોલી, હેપ્પી દિવાળી બાપા, આજે તો રાહુલે મને સોનાનો હાર અપાવ્યો છે. બીજામાં બોલી, બાપા, આજે મારો જન્મદિવસ છે, અમે હોટલમાં જમવા આવ્યા છીએ. અને કોઈ મેસેજમાં ખાલી એટલું જ બોલી, બાપા, તમે દવા ટાઈમસર લેજો હોં, હું અહી બહુ મજામાં છું. આ બધું કરીને અમીએ નીતાનો હાથ પકડીને કસમ આપી, નીતા, મારા બાપાને કોઈ દી કહેતી નહિ કે હું મરી ગઈ છું. મારા મર્યા પછી તું દર મહિને મારા બાપાને મારો એક ફોટો અને મારો એક અવાજ મોકલજે.

**મારા બાપા એ સહારે જીવતા રહેશે. આટલું કહીને અમીએ એ જ રાતે હોસ્પિટલના ખાટલા પર, પોતાના બાપાને યાદ કરતા કરતા કાયમ માટે આંખો મીંચી લીધી. એક ફૂલ જેવી દીકરી પોતાના બાપા માટે બીજા દેશમાં સાવ એકલી મરી ગઈ.**

મારા બાપા એ સહારે જીવતા રહેશે. આટલું કહીને અમીએ એ જ રાતે હોસ્પિટલના ખાટલા પર, પોતાના બાપાને યાદ કરતા કરતા કાયમ માટે આંખો મીંચી લીધી. એક ફૂલ જેવી દીકરી પોતાના બાપા માટે બીજા દેશમાં સાવ એકલી મરી ગઈ. જોતજોતામાં અમીને મરી ગયાને ત્રણ વર્ષ થઈ ગયા.

અમદાવાદમાં કાનજીબાપાના મોબાઈલમાં દર મહિને અમીનો એક ફોટો અને નવો અવાજ આવતો. ફોટામાં અમીને હસતી જોઈને અને એનો અવાજ સાંભળીને કાનજી બાપા બહુ રાજી થતા. એ આખી પોળમાં કહેતા ફરતા, મારી દીકરી તો કેનેડામાં મહારાણીની જેમ રાજ કરે છે હોં. પણ બાપાને ક્યાં ખબર હતી કે જે દીકરીનો અવાજ સાંભળીને એ હરખાય છે, એ દીકરી તો ત્રણ વર્ષ પહેલા જ રાખ થઈ ગઈ છે. એક દિવસ નીતાથી આ વધારે સહન ના થયું. એ કેનેડાથી સીધી અમદાવાદ આવી. કાનજી બાપાની દુકાને ગઈ અને એમના હાથમાં એક તાંબાનો કળશ મૂક્યો. કાનજી બાપાએ હસીને પૂછ્યું, બેટા, આમાં શું છે? અને તું કોણ છે? નીતાથી રહેવાયું નહિ, એ પોક મૂકીને રડી પડી. એણે હાથ જોડીને કીધું, બાપા, મને માફ કરજો. હું અમીની બેનપણી છું. અમી તો ત્રણ વર્ષ પહેલા જ કેનેડામાં બીમાર પડીને મરી ગઈ છે. આ કળશમાં એની રાખ છે. એણે તો તમારો જીવ બચાવવા માટે આ બધા અવાજ પહેલેથી જ મોબાઈલમાં ભરી રાખ્યા હતા... આ સાંભળીને કાનજી બાપાના પગ નીચેથી જમીન સરકી ગઈ. એમના હાથમાંથી કાતર નીચે પડી ગઈ. એ ધ્રૂજતા હાથે પોતાની લાડકવાયી દીકરીની રાખ ભરેલો કળશ છાતીએ વળગાડીને ચોધાર આંસુએ રડવા લાગ્યા. એમનો રડવાનો અવાજ આખી પોળમાં ગુંજી ઉઠ્યો. મારી દીકરી... મારી અમી... તે મારા માટે આટલું મોટું દુઃખ સહન કર્યું? અને બરાબર એ જ વખતે... કાનજી બાપાના ખિસ્સામાં રહેલા મોબાઈલમાં મેસેજની ઘંટડી વાગી. નીતાએ કેનેડાથી ગોઠવેલો અમીનો છેલ્લો મેસેજ ચાલુ થયો. મોબાઈલમાંથી અમીનો મીઠો અવાજ આવ્યો...બાપા, હું અહીં કેનેડામાં બહુ મજામાં છું... મને કોઈ દુઃખ નથી... તમે મારી જરાય ચિંતા ના કરતા હોં...

એક હાથમાં દીકરીની રાખ ભરેલો કળશ... અને બીજી બાજુ મોબાઈલમાંથી આવતો દીકરીનો આવો હસતો અવાજ... આ દ્રશ્ય જોઈને ત્યાં ઉભેલો દરેક માણસ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. દીકરીનો પ્રેમ શું હોય એ આજે આખી પોળ સમજી ગઈ હતી. એક દીકરીએ પોતાના બાપાનો જીવ બચાવવા પોતાનું આખું અસ્તિત્વ ભૂંસી નાખ્યું હતું.

નિષ્કર્ષઃ

આજની પેઢીના વિચારો છે તે ખરેખર તેમના ભવિષ્યને કઈ દિશામાં લઈ જશે એ જ નક્કી નથી અને તેને કારણે મા-બાપ બિચારા અને લાચાર બની ગયા છે અને ઘણી વખત પોતાના દીકરા દીકરી માટે મા બાપને વધુ પડતી કાળજી અને પાત્રની ધનસંપતિ ઉપર જ ધ્યાન જતું હોય છે. માતા પિતાનો પ્રેમ બાળકોને જેટલો સુહામણો લાગે છે તેટલો બિહામણો પણ છે,જેટલો રૂપાળો છે એટલો કદરૂપો પણ છે.

અને છેલ્લે.... લગ્નને માત્ર બાયોડેટા, દેખાવ, પગાર કે અન્ય ઉપરછલ્લી બાબતોથી ન આંકવા. વાતચીત કરો, એકબીજાને સમજવાનો પ્રયત્ન કરો.

હું શ્રીરામનો વંશજ છું.

બાબુભાઈ આર. મિસ્ત્રી.
વિશ્વકર્મા એજ્યુકેશનલ ટ્રસ્ટ, વલસાડ
(૯૮૨૫૧ ૨૧૦૮૭)

શ્રી સૌ.ગુ.સુ. યુવક સંઘ દ્વારા

# અમદાવાદમાં યોજાયો શાનદાર શિક્ષણ સમારોહ

## ૪૫૩ વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી વસ્તુ ભેટ




પ્રવીણ ગજ્જર



અમદાવાદની સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ દ્વારા તા. ૨૭-૯-૨૬ના રોજ શ્યામપ્રસાદ વસાવડા કમ્યુનિટી હોલ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન, ઈનામ વિતરણ અને શિષ્યવૃત્તિ પ્રદાન કરવાનો એક શાનદાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અમદાવાદની વેજલપુર સંસ્થાના પુર્વ પ્રમુખ અને શ્રી હરિ કન્સ્ટ્રક્શન પ્રા.લી.ના શ્રી ઘનશ્યામભાઈ વણોદીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે શ્રી ધર્મીષ્ઠાબેન ગજ્જર (અધ્યક્ષ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ), શ્રી ઉન્મેશભાઈ વાસુદેવભાઈ મિસ્ત્રી (સુરેલીયા), શ્રી માર્ગીક રમેશભાઈ છનિયારા (રાજ કન્સ્લટન્ટ એજ્યુકેશનાલીસ્ટ એન્ડ કેરીયર પ્લાનર), ડો. નિલકંઠ એમ. સુથાર (એમ.એસ. કેન્સર વિભાગ સિવિલ હોસ્પિટલ) ઉપસ્થિત રહયા હતા. જયારે અતિથિ વિશેષ તરીકે શ્રીમતી જોલીબેન નરેશભાઈ જોલાપરા (ગજ્જર) (ડે. કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ












રેન્જ-૪ અમદાવાદ), શ્રી ભાનુબેન ગજજર (પૂર્વ પ્રમુખ વિશ્વકર્મા સહિયર), શ્રી સાવનભાઇ મનસુખભાઇ પાટણવાડીયા (બિલ્ડર્સ-ઉદ્યોગપતિ), શ્રી વનિતભાઇ ડી. માંડવીયા (ઉદ્યોગપતિ), શ્રી અલ્પેશભાઇ ધોળકીયા (બિલ્ડર્સ), શ્રી કલ્પેશભાઇ ઘનશ્યામભાઇ બોરસાણીયા (ઉદ્યોગપતિ), શ્રી વિજયભાઇ ભકિતભાઇ જોલાપરા (ઉદ્યોગપતિ) ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભ પહેલા ૧૨૦૦ જેટલા ભાઇ-બહેનોએ મીષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યા બાદ બપોરે બે વાગ્યાના સુમારે મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટય બાદ રાષ્ટ્રગીતનું ગાન થયું હતું. ત્યારબાદ સંસ્થાના મંત્રી મુકેશભાઇ સંચાણીયાએ ઉપસ્થિત દાતાઓ, મુખ્ય મહેમાનો, ગામ-પરગામથી આવેલા વિવિધ સમાજના પ્રમુખો અને હોદ્દેદારોનું શાબ્દીક સ્વાગત કરી જણાવ્યું હતું કે આજે સમારંભમાં સૌ કોઇની ઉપસ્થિતિ કારણે અમારૂ હૈયુ આનંદની પ્રફુલીત થયું છે.

શાબ્દીક સ્વાગત બાદ ઉપસ્થિત સમારંભના અધ્યક્ષ, મુખ્ય મહેમાનો અને અતિથિ વિશેષશ્રીઓનું શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા, ઉપપ્રમુખો શ્રી ધર્મેન્દ્રભાઇ કથ્રેચા, ભરતભાઇ દુદકીયા, મંત્રી મુકેશભાઇ સંચાણીયા, સહમંત્રીઓ અલ્પેશભાઇ લલુવાડીયા, ભાવેશભાઇ કળસારા, ખજાનચી હિતેષભાઇ ખારેચા, શિક્ષણમંત્રી વનમાળીભાઇ કળસારા, રાહતમંત્રી મનહરભાઇ અઘેડા, ઉત્સવમંત્રી કૌશલભાઇ સંચરેચા, પ્રચારમંત્રી શ્રી પરેશભાઇ દેવળીયા, રેકટર શ્રી કિશોરભાઇ કળસારા અને ચેતસભાઇ સંચાણીયા વગેરેએ મહેમાનોએ ખેસ પહેરાવી, વિશ્વકર્મા પ્રભુજીની મૂર્તિ એનાયત કરી સન્માન કર્યું હતું.

ત્યારબાદ ધો. ૧ થી ૧૨ અને કોલેજમાં પ્રથમ આવેલ ત્રણ ૩૯ વિદ્યાર્થીઓનું મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદની અન્ય સંસ્થાઓ અને બહારગામથી આવેલ








# વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને શિષ્યવૃત્તિ પણ એનાયત

વિવિધ સમાજના હોદ્દેદારોના હસ્તે પણ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. બહારગામથી આવેલા મહાનુભાવોનું પણ સંસ્થાના હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને રૂા. ૨૦૦૦ સુધીના મુલ્યની ભેટ અપાઇ હતી. જયારે જેમના પિતા હયાત નથી તેવા ૩૦ વિદ્યાર્થી અને રૂા. ૨૫૦૦ની રોકડ ભેટ મહાનુભાવોને આપવામાં આવી હતી. જયારે એક દાતાના દાનમાંથી આઠ વિદ્યાર્થીઓને દરેકને રૂા. ૩૫૦૦ રોકડ પુરસ્કાર અપાયા હતા. જયારે ૧૨ વિદ્યાર્થીઓને ૫ થી ૮ હજારની રોકડ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી હતી. કુલ ૪૫૩ વિદ્યાર્થીઓને ધોરણ મુજબ સ્કુલબેગ, પરફયુમ, ચોપડા, નોટબુક, મેકઅપ બોકસ, કંપાસ, ટીફીન, લંચ બોકસ જેવી ઉપયોગી ચીજવસ્તુ ભેટ આપવામાં આવી હતી.

શિક્ષણના આ ગૌરવભર્યા કાર્યક્રમમાં મહાનુભાવોએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યા હતા.

### શ્રી ધર્મીષ્ઠાબેન ગજજર



ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી ધર્મીષ્ઠાબેન ગજજરે આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં બાળકોના અધિકારો અને સુરક્ષાની જાણકારી આપી બાળ આયોગ શું કામ કરે છે તેની વિસ્તૃત સમજણ આપવાની સાથોસાથ તેમણે આપણો સમાજ જેવી રીતે પ્રગતિ કરી રહયો છે. તેનાથી આનંદ વ્યકત કર્યો હતો. તેમણે કહયું કે હું અહીં કોઇ રાજકારણની હેસીયતથી નહીં પરંતુ સમાજની દીકરી તરીકે ઉપસ્થિત રહી છું. આવા કાર્યક્રમમાં હાજર રહીને બાળઆયોગ-બાળ સુરક્ષાની માહિતી આપવાનો મને અવસર મળે છે. તેઓએ સમાજના કોઇપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની તૈયારી બતાવી હતી.

તેમણે શિક્ષણ પ્રત્યે આવતી જાગૃતિને બિરદાવી શિક્ષિત સમાજ જ સમાજનો વિકાસ કરી શકે તેમ જણાવવાની સાથોસાથ આવા સુંદર કાર્યક્રમોનું આયોજન કરવા બદલ અને દર વર્ષે આમંત્રીત કરવા બદલ પ્રમુખ ધર્મેન્દ્ર બાવળીયા અને તેની ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

### શ્રીમતી જોલીબેન જોલાપરા



અમદાવાદના સ્ટેટ ટેક્ષ રેન્જ-૪ના ડેપ્યુટી કમિશનર શ્રીમતી જોલીબેન નરેશભાઇ જોલાપરાએ પ્રાસંગીક ઉદબોધનમાં વિદ્યાર્થીઓની તેજસ્વીતાને બિરદાવી અને આગળના અભ્યાસમાં પણ તેજસ્વીતા જાળવી રાખવાની શીખ ટેકનોલોજી અને ખાસ કરીને એ.આઇ.ના યુગમાં એ.આઇ.ને કારણે માણસોની જરૂરીયાત રહેતી નથી અને માણસોને છુટા કરવામાં આવે છે. તે ચિંતાજનક હોવાનું જણાવી જોલીબેને ભણતરની સાથે ગણતર જરૂરી હોવાની બાબતે ભાર મુકયો હતો. તેમણે કહયું






# પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને તેની ટીમનું સુંદર આયોજન

કે એ.આઇ.ને કેવી રીતે વાપરવું ? તે એ.આઇ.નો ઉપયોગ સારા હેતુથી થાય તે જરૂરી છે. એ.આઇ. અને કમ્પ્યુટર દ્વારા નવુ નવુ સર્જન થાય તે જરૂરી છે.



અહીં ઇનામો લેવા આવતા તેજસ્વી છાત્રોમાં દિકરીઓની સંખ્યા વિશેષ હોવાની સાથોસાથ વિદ્યાર્થીઓ પણ તેજસ્વી પરીણામ લાવે તે સમાનતા માટે ખુબ જરૂરી હોવાનું જણાવ્યું હતું.

ઇનામ વિતરણ સમારોહમાં સતત બીજા વર્ષે હાજર રહેવાનો મોકો મળ્યો. તે બદલ આનંદ વ્યકત કરી પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને તેમની ટીમ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

### શ્રી ગાર્ગીક છનિયારા



જાણીતા એજ્યુકેશનાલીસ્ટ એન્ડ કેરીયર પ્લાનર અને એજ્યુકેશન માસ્ટર ઇન મેનેજમેન્ટ નિષ્ણાંત રાજ કન્સલ્ટન્ટનવાળા શ્રી ગાર્ગીક રમેશભાઇ સુથારે પોતાના પ્રાસંગીક ઉદબોધનમાં ધર્મ અને શિક્ષણ બંને જીવનમાં જરૂરી હોવાનું જણાવ્યું હતું અને અગાઉના જમાનામાં ગુરૂકુલ પદ્ધતિથી શિક્ષણ અપાતું હતું. તે આજે ફરી જીવંત થતું જાય છે. તેમણે ગાંધીયુગ પણ ફરી આવી રહયું હોવાનું જણાવ્યું હતું. તેમણે શિક્ષણની સાથે ધર્મ પણ જીવનમાં અપનાવવાની શીખ આપી હતી.

### ભાનુબેન અખીયાણીયા



અમદાવાદની બહેનોની સંખ્યા વિશ્વકર્મા સહિયરના પાયાના પથ્થર અને દાતા ભાનુબેન અખિયાણીયાએ કહયું કે, આ જમાનો દીકરીઓનો છે. જેને ઘેર દીકરી નથી તે નશીબદાર નથી. તેમણે દીકરીઓની સરખામણીએ દિકરાઓ ઉચ્ચ શિક્ષિત થતા નથી તે અંગે ખેદ વ્યકત કરી કહયું કે, આને કારણે આપણા સમાજની ઉચ્ચ શિક્ષિત દીકરી બની સમાજમાં જતી રહે છે. ભાનુબેને વધુને વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષિત બને તેવી અપીલ કરી હતી.

### ડો. નિલકંઠ સુથાર



અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કેન્સર વિભાગમાં ફરજ બજાવતા ડો. નિલકંઠ સુથારે પોતાના પ્રાસંગીક ઉદ્‌બોધનમાં મોબાઇલના વધતા જતા દુષણ સામે વિદ્યાર્થીઓને સાવચેત રહેવા જણાવી કહયું કે, મોબાઇલના ખોટા ઉપયોગથી સમયની બરબાદી થાય છે. સ્વાસ્થ્યને નુકશાન થાય છે. સંબંધોમાં પણ ઉણપ આવે છે અને શિક્ષણમાં પણ વિક્ષેપ ઉભો થાય છે. તેમણે મોબાઇલનો જરૂર પુરતો જાળવીને ઉપયોગ કરવાની શીખ વિદ્યાર્થીઓને આપી હતી.

કાર્યક્રમના સુંદર આયોજન માટે સુરેન્દ્રનગર સહિતના સમાજોએ સંસ્થાના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

કાર્યક્રમમાં રાજકોટ ગુર્જર સુતાર કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, ટ્રસ્ટી મગનભાઇ બોરાણીયા, ઉદ્યોગપતિ જયસુખભાઇ ઉછડીયા, ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ ગજ્જર, મંત્રી રમણીક પાટણવાડીયા, શૈલેષ ખંભાયતા તેમજ વિવિધ શહેરના હોદ્દેદારો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સુંદર સંચાલન જીગીશાબેન બકરાણીયાએ કર્યું હતું.

# સ્વાધ્યાય દ્વારા પંચરંગી ક્રાંતિનું સર્જન કરનાર યુગપુરુષ પાંડુરંગ શાસ્ત્રીજી

મનુષ્ય ગૌરવ દિન વિશેષ

● સંકલન : પ્રવીણ ગજજર



**માત્ર ૨૨ વર્ષની વયે પાઠશાળાની વ્યાસપીઠને જીવન ધ્યેયગણી સર્મપણ ભાવે સ્વાધ્યાયયજ્ઞ ચાલુ રાખ્યો માણસને તેની પોતાની ઓળખ પણ પૂ.દાદાએ જ આપી છે.**

પ્રભુનિષ્ઠા તત્વનિષ્ઠા અને ધ્યેયનિષ્ઠા જેના કુળની પરંપરા હોય તેવા કુળના સંતાન ખરા અર્થમાં વિશ્વ વંદ્ય વિભૂતિ બને એ ચમત્કાર નહીં પરંતુ સ્વાભાવિક જ છે. આઠવલે કુળની પ્રત્યેક પેઢીએ વારસામાં ધન નહીં પણ ધર્મ, સંપત્તિ નહીં પણ સંસ્કાર, સ્વાર્થ નહીં પણ સંસ્કાર, સ્વાર્થ નહીં પણ સેવા, નોકરી નહીં પણ ખુમારી, દીનતા નહીં પણ દિવ્યતા, લાચારી નહીં પણ તેજસ્વિતા આપી છે. પૂ.દાદા સાચા અર્થમાં સંસ્કૃતિ માતાના અતિપ્રિય સંતાન હતાં.



(ફોટો : પ્રવીણ ગજજર)

**આદરણીય જયશ્રીદીદી**

૧૯ ઓકટોબર, ૧૯૨૦ના દિવસે, આસો સુદ સાતમ અને સરસ્વતી પૂજનના દિવસે રોહા નામના નાનકડા ગામમાં માતા પાર્વતીના કૂખે યોગેશ્વરના લાડલાનો જન્મ થયો..કહો કે યોગેશ્વરે જ તેમને પોતાના પ્રતિનિધિ તરીકે ધર્મ અને સંસ્કૃતિનો જીર્ણોધ્ધાર કરવા મોકલ્યા. દુર્દમ્ય ઈશશ્રધ્ધાની શીતળ છાયા, સૌંદર્ય દ્રષ્ટિ નિસર્ગ પ્રેમ અને દાદા-દાદીની



કૃતજ્ઞતા સમારોહમાં આદરણીય જાણીતા કથાકાર પૂ. મોરારીબાપુ પણ હાજર રહીને દાદાને નમસ્કાર કર્યા હતા.



રાજકોટના કાલાવડ રોડ પરના મેટોડા ખાતે ૧૯, માર્ચ-૧૯૯૪ના રોજ યોજાયેલ કૃતજ્ઞતા સમારોહમાં હાલના વડાપ્રધાન અને તે સમયના ભારતીય જનતા પક્ષના પ્રદેશ મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, કર્ણાટકના પૂર્વ ગર્વનર અને તે સમયના પ્રદેશ ઉપપ્રમુખ વજુભાઈ વાળા, પ્રદેશ પ્રમુખ કાશીરામ રાણા, કોંગ્રેસ અગ્રણી અમરસિંહ ચૌધરી પણ ઉપસ્થિત રહયા હતા. (તસવીરો : પ્રવીણ ગજ્જર)

તત્વનિષ્ઠાના વાતાવરણમાં યોગેશ્વરરૂપ બાળ પાંડુરંગના મન અને બુધ્ધિ નાનપણથી જ ખીલવા લાગ્યા. ઉધાર લેવું નહીં, દયનીય જીવવું નહીં, કષ્ટ પડે તેવું વ્રત લેવું નહીં તેવા વ્યવહારિક જીવનવ્રત નાનપણથી જ આવ્યા.

પિતાશ્રીને પાંડુરંગની ગ્રહણશક્તિ ઉપર અતૂટ અને સંપૂર્ણ વિશ્વાસ હતો અને એટલા માટે જ શાળાના પ્રિન્સીપાલનો વિરોધ અવગણીને પાંડુરંગ સાચો બ્રાહ્મણ–સંસ્કૃતિ સંતાન બને તેટલા માટે તપોવન પધ્ધતિનું શિક્ષણ અને જીવન ઘડતર માટે પોતાની જ (સરસ્વતી સંસ્કૃત પાઠશાળા) માં અભ્યાસ માટે મુક્યા હતાં. આ પાઠશાળા એવી હતી જે સંસ્કૃતિ સાથે ભારતીય અને પાશ્ચાત્ય તત્વજ્ઞાનનો ઉંડો વિવેચનાત્મક અને તુલનાત્મક અભ્યાસ કરાવાતો હતો અને આવા મેળવેલા તત્વજ્ઞાનને કારણે જ ૨૨ વર્ષની યુવાન વયે પૂ.દાદાએ સ્વાધ્યાય પ્રવચનનો પ્રારંભ કર્યો. માંડુકયોપનિષદની ગૌડપાદકારિકા જેવા ગહન વિષય સાથેનું દાદાનું આ પ્રવચન હતું. ૧૯૨૪ થી શરૂ કરીને પાઠશાળાની વ્યાસપીઠને જીવન ધ્યેયગણીને સમર્પણની ભાવનાથી તેમનો સ્વાધ્યાય યજ્ઞ ચાલું રાખ્યો હતો.

ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના સંશોધન કાર્યમાં સાથ આપવા મોટી રકમ સાથેનો પ્રસ્તાવ તે સમયના રાજ્યપુરૂષ અને સાહિત્યકાર દ્વારા કરાયો પરંતુ દાદાએ વિન્રમભાવે કહી દીધું કે કોઇનો આશ્રિત થઇશ નહીં, માત્ર પ્રભુનો આશ્રિત થઇશ.

માધવબાગની શ્રીમદ્ ભગવદ ગીતા પાઠશાળાને તીર્થભૂમિ કર્મભૂમિ બનાવીને સ્વાધ્યાય યજ્ઞને પ્રજ્વલિત રાખનાર પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીની તીવ્ર બુધ્ધિપ્રતિભા, ઇશશ્રધ્ધા અને અખૂટ સંસ્કૃતિ પ્રેમનો પ્રતિસાદ ઈ.સ.૧૯૫૪માં થયો. આ સમયે પૂ.દાદા મુંબઇના એક ખૂણામાં ૧૦૦ લોકો પાસે પ્રવચન કરતા હતાં. આવા વ્રત નિષ્ઠ બ્રાહ્મણને ૧૯૫૪માં જાપાન ખાતે યોજાયેલ બીજી વિશ્વધર્મ પરિષદનું આમંત્રણ મળ્યું. પ્રારંભમાં તો દાદાએ ના પાડી પણ આયોજકોનો આગ્રહ હતો તેથી પૂ.દાદા ગયાં. વિશ્વધર્મ પરિષદમાં (આત્મ પરિચયએ અમારી સંસ્કૃતિ નથી) તેમ કહીને ખળભળાટ મચ્યા બાદ (અવતારવાદ) ના સંદર્ભમાં તેમણે યોગેશ્વર શ્રી કૃષ્ણની બહુમુખી પ્રતિભાનું વર્ણન કર્યું ત્યારે વિશ્વભરમાંથી આવેલા તત્વચિંકો પણ આશ્ચર્યચક્તિ થયા.

## પૂ.દાદાનું જીવન કાર્ય

તારી જો હાક્સુણી કોઇ ન આવે તો તું એકલો જાને એ ઉક્તિ પાંડુરંગ દાદાના જીવનમાં અક્ષરશ : ચરિતાર્થ થઇ હતી.

તત્કાલિન શિક્ષકો, વિદ્વાનો અને સાધુ સંતોને આદરપૂર્વક તેમના મનની સંસ્કૃતિના પુનરુત્થાનની વાતો કર્યા પછી તેમના નિરાશાપૂર્ણ પ્રતિસાદ પછી હાર્યા વિના થાકના વિના તેઓ ચાલતા રહ્યા, દોડતા રહ્યા.

ઘણા બૌધ્ધિકોને પ્રશ્ન થાય છે કે પૂ.દાદા શું કહે છે ! ઘણા રાજનીતિજ્ઞો પ્રશ્ન પૂછે છે કે, 'સ્વાધ્યાયનો ધ્યેય શું છે ?' આવા સર્વ પ્રશ્નોનો એક જ ઉત્તર એક જ વાક્યમાં આપવો હોય તો 'પૂ.દાદા માણસને થાક્યા ઉભો કરે છે–માણસને માણસ બનાવે છે.'

આ સૂત્રાત્મક લાગતા વાક્યની ભીતરમાં આ મહાપુરૂષના

છેલ્લા ૬૦ વર્ષનો અથાગ પુરૂષાર્થ છે–નિશ્ચિત ધ્યેય છે–દીર્ઘદષ્ટિ છે જેનો અંદાજ કોઇપણ માનવી માટે અકલ્પ્ય છે.

**વિચાર**

પૂ.દાદાએ શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળામાં બેસીને માત્ર પ્રવચનો જ કર્યા હોત તો આજે જે સમાજ નવરચનાનું દર્શન આપણને સૌને થાય છે તે ન થતું હોત. વાસ્તવમાં પૂ.દાદાએ પ્રેમ આપી, આત્મીય બનાવીને પછી વિચાર આપ્યો. તેજસ્વી વિચાર ક્રાંતદર્શી વિચાર, 'ત્રિકાળ સંધ્યા', હું પ્રભનું સંતાન છું, હું નાનો નથી, મોટો પણ નથી. ગીતા સંદેશ સ્વાધ્યાયીઓએ માત્ર ઘરની દિવાલો ઉપર જ ટીંગાડ્યું છે તેવું નથી પણ હજારો સ્વાધ્યાયીઓ ગીતા સંદેશને જીવનમાં ઉતારતા રહ્યા છે તેથી તો ધરતીકંપ કે દુષ્કાળ હોય કે અન્ય યાતના હોય ત્યારે 'મફતનું લઇશ નહીં' ની તેમની દ્રઢભાવના જ સૌને આશ્ચર્યચક્તિ કરે છે.

'કૃતજ્ઞતા' નો વિચાર આજે ગામેગામ ફરતો થયો છે. દુન્યવી દ્રષ્ટિથી આપણને જે કુવા રિચાર્જ, નિર્મલનીર દેખાય છે તેના પાયામાં ધરતીમાતા પ્રત્યેની કૃતજ્ઞતા છે. 'જળસંચળ' એ વાસ્તાવમાં આડપેદાશ છે. 'મનુષ્ય ગૌરવ'એ મહાક્રાંતિકારી પ્રદાન છે.



(ફોટો : પ્રવીણ ગજ્જર)

પૈસા પદવી, પ્રતિષ્ઠા, સત્તા, નાત–જાત, ધર્મ જોયા વગર સૌને ઘેર નિરપેક્ષભાવે જઇ પરસ્પરો ભાવયન્તથી ભાવપુષ્ટી મેળવતો સ્વાધ્યાય પરિવાર એ દાદાના વિચારોની જ કમાલ છે. યુવાનો સતત કહે છે, દાદાએ આપ્યો એક વિચાર એમાં પામ્યો જીવનનો સાર ઉદ્ધેરેત આત્મના આત્માનમ ગીતામંત્રથી તેઓને સમાજને ઢંઢોળ્યો છે. ગુલામી મનોવૃતિ દૂર થઇ છે, તેથી જ અપના હાથ જગન્નાથ ની ભાવના ભક્તિની બેઠક પર ચરિતાર્થ થઇ છે.

**મૌલિક દ્રષ્ટિકોણ**

માનવ્યખડુ કરવાના તેમના ક્રાંતદર્શી

# પૂજય દાદા આપણા હૃદયમાં જ છે : શ્રી જયશ્રીદીદી



પૂ.દાદા હૃદયપસ્થ થયા બાદ જયશ્રી દીદીએ કહ્યું હતું કે,દાદા ભગવાન પાસે ગયા છે અને ભગવાન આપણા હૃદયમાં છે. એટલે પૂ.દાદા પણ આપણા હૃદયમાં જ છે. પૂ.દાદા વિચારના રૂપમાં, લાખો કૃતિશીલો અને સ્વધ્યાયીઓના દિલોમાં સૈદવ હાજર છે. જ્યાં સુધી આ ધરતી પર વિશ્વનો છેલ્લામાં છેલ્લા છેડાનો એક વ્યક્તિ પણ ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરશે, દાદાએ સમજાવેલા મૂલ્યોનું જતન કરશે અને ભગવાન સાથે આત્મીયતા બાંધતો રહેશે ત્યાં સુધી દાદા 'સાક્ષાત' જ રહેશે. તમારા સહિત આવા જ લાખો કૃતિશીલો છે માટે દાદાના હોવા ન હોવાનો પ્રશ્ન જ નથી. સામાન્યમાણસ શરીરની મર્યાદામાં જીવતા હોય છે. પૂ.દાદા શરીર જ નહીં તેઓના વૈશ્વિક કલ્યાણકારી વિચારો, કાર્યોથી જીવતા છે. અને તે જ રીતે સર્વ સ્વાધ્યાયીઓ માટે તેઓ હયાત જ છે. ફેરમાત્ર એટલો છે કે આપણે દાદાને જોઇ, સાંભળી કે સ્પર્શી શકશું નહીં તેનું દુઃખ કે રંજ રહેશે પણ 'દાદા' એ સગુણોપાસના (સગુણ ઉપાસના)ની પધ્ધતિ શીખવી છે. હવે આપણે નિર્ગુણ ઉપાસના કરીશું કારણ કે એવી કોઇ ઘટના કે ક્ષણ નથી જેમાં દાદા નથી.



**૨૫ ઓકટોબર-૨૦૦૩માં પૂ. દાદા હૃદયસ્થ થયા બાદ તેમના અસ્થિકળશ રાજકોટ વૃક્ષમંદિર ખાતે લાવવામાં આવ્યા હતા ત્યારે પૂર્વ મુખ્યમંત્રી અને તે સમયના પ્રદેશ અગ્રણી વિજયભાઇ રૂપાણીએ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.**

**- પ્રવીણ ગજ્જર**




પ્રયોગોનો આધાર વૈદિક સાહિત્ય જરૂર છે પરંતુ પ્રાચિન વિચારોને સજીવન પણ કરવામાં તેમનો મૌલિક દ્રષ્ટિકોણ તો કોઇપણ બુધ્ધિજીવીને શક્તિ ના દર્શન કરાવે છે. તેમના પ્રવચનો સાંભળીને એક વનવાસી અને આદિવાસી પણ જીવતો થાય છે. વિચારોના બળથી નિસ્તેજ દીનહીન બનેલ બહેનો, ગ્રામવાસીઓ અડગ બનીને ઉભા રહેતા થયા છે. માણસને તેની પોતાની

ઓળખ પણ પૂ.દાદાએ જ આપી છે અને તે પણ વિચારપૂર્વક આટલા વિરાટ કાર્યમાં ક્યારેય ભાવનાવશ થઇને માણસને જોડ્યો નથી. લૌકિક વિશ્વમાં એક સામાન્ય માન્યતા ઘર કરી ગઇ છે કે દાન એ માત્ર શ્રીમંત જ કરી શકે ત્યારે ભકિતની બેઠક પર સ્વશક્તિના સમર્પણથી આજે સામાન્ય ખેડૂતો અને માછીમારોને પણ અપૌરષેય ના ક્રાંતદર્શી વિચારમાં નિમિત્ત બનાવીને ખરા અર્થમાં તેઓને પણ દાનના સહભાગી બનાવ્યા છે.

કારણ વગર મળવું આ વાત તુચ્છ લાગે, મશ્કરી લાગે, પરંતુ દાદાએ વિના કારણ પ્રેમ કર્યો, કારણ વગર માણસને માણસની પાસે મોકલ્યો તે પોતે જ આજે એક મોટો વિચાર સાબિત થયો છે. સમાજના પ્રબુધ્ધ લોકોને કેવળ વિતંડાવાદી ન રેહતા તેમની બુધ્ધિ ઉપર કૃતજ્ઞતાના વસ્ત્રને સજાવીને પૂ.દાદાએ જ તૈયાર કર્યો છે.

ભાઇચારાની ભાવનાથી, કૃતિભક્તિ ની ભાવનાથી આજે દેશ જ નહીં વિદેશમાં પણ હજારો લોકો ભક્તિફેરી કરે છે અને વિચારથી પરિપુષ્ટ છે પરિણામે લોકો ખરા અર્થમાં માણસ બન્યા છે. આજે લાખો બહેનોએ પણ દાદાનો સાચા અર્થમાં વાત્સલ્યની વર્ષાનો અનુભવ કર્યો છે. દાદાએ વ્યકિતગત જીવનમાં ત્રિકાળ સંધ્યા આપવાની સાથે કુટુંબ પ્રાર્થના પણ આપી જેથી ગ્રામીણ જીવનમાં ઘરમાં સાથે બેસવાનો જે ગ્રામીણ જીવનમાં ઘરમાં સાથે બેસવાનો જે છોછ હતો તે દૂર થયો. પૂ.દાદાના વિચારોથી શિક્ષણકાર ડો. માજીદ રહેનુમાએ કહેલું, આજ સાચું શિક્ષણ છે, હું આજ ઇચ્છું છું.



પૂ. દાદાએ રાજકોટની ૨૦૦૩માં છેલ્લી મુલાકાત લીધી હતી તે સમયની તસવીરો





## વડોદરાની ધો. ૫માં અભ્યાસ કરતી

# પૂર્વા નગેવાડીયાનું પુસ્તક પ્રકાશિત

જયંતીભાઇ નગેવાડિયા






બાળકોમાં ક્યારેક તેમની આવડત કે કલાને શિખવવી પડતી નથી. પરંતુ તેમનામાં કુદરતી રીતે તે આવડત આવતી હોય છે. આવી જ એક બાળકીને લેખન કળાની વાત આજે કરવી છે. તેનું નામ છે વડોદરાની પૂર્વા અંકુરભાઇ નગેવાડીયા.

પૂર્વાની વાત કરીએ તો ૧૦ વર્ષની પૂર્વા વડોદરાની બીલાબોંગ હાઇ ઇન્ટરનેશનલ સ્કુલમાં ધો. ૫માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે. પૂર્વા ભણવામાં ખુબ જ હોશિયાર છે. પૂર્વાને વાંચવાનો અને લખવાનો શોખ છે. પૂર્વાની શાળામાં Bribooks (બ્રિબુકસ) નામની આંતરરાષ્ટ્રીય પુસ્તક પ્રકાશક સંસ્થા કે જે બાળકોને સર્જનાત્મક લેખન શિખવા પ્લેટફોર્મ પુરૂ પાડે છે. બાળકોને નિબંધ, કાવ્ય કે પુસ્તક લખવા પ્રેરે છે. જો તે સારુ લખાણ હોય તો તે પ્રકાશિત કરે છે. આ સંસ્થા સમક્ષ પૂર્વાએ પોતે એક પુસ્તક લખવાની વાત કરી. પૂર્વાએ પોતાના કાલ્પનિક વિચારોથી એક પુસ્તક અંગ્રેજી ભાષામાં The Underwater City લખવાની વાત કરી અને સંસ્થાએ પૂર્વાને મંજૂરી આપી. પુર્વાએ આ અંડર વોટર સીટીની કલ્પનાની વાત ૩૬ પાનામાં લખી છે. અને આ BriBooks પ્રકાશન સંસ્થાએ આ ૩૬ પાનાની પુસ્તક The Underwater Cityના ટાઇટલ સાથે અને લેખક તરીકે પૂર્વા નગેવાડિયાના નામ સાથે પ્રકાશીત કરેલ છે. સંસ્થા આ પુસ્તકો મર્યાદિત સંખ્યામાં પ્રકાશિત કરે છે. અને સંસ્થાએ આ પુસ્તકની કિંમત ૪૫૦ રૂપિયા જેટલી રાખી છે.

પૂર્વાને બ્રિબુકસ તરફથી તેમના આ અન્ડર વોટર સીટી પુસ્તક લખવા બદલ 'ધ યંગ ઓથર્સ' રેકગ્નિશન (બાળ લેખક સન્માન)નું સર્ટીફીકેટ પણ તા. ૨૯-૯-૨૬ના રોજ સંસ્થાના પ્રમુખ અમી દ્રોર તથા સીઇઓ ભાવિન શાહના હસ્તાક્ષર સાથે આપવામાં આવેલ છે.

આમ પૂર્વાએ પોતાની કલ્પના કરી છે કે આજે દરેક ગામ-શહેરમાં જમીનનો અભાવ છે. ત્યારે ભવિષ્યમાં પાણીમાં (દરિયામાં) શહેરો ઉભા કરવા પડશે કે જે આવતા વર્ષોમાં આ પણ શકય બનશે તેવી વાત લખી પોતાની શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

પૂર્વાના પપ્પા અંકુરભાઇ અનિલભાઇ નગેવાડિયા પોતાનું કારખાનું ધરાવે છે. જયારે મમ્મી મિતલબેન ગૃહિણી છે. પૂર્વાના દાદા અનિલભાઇ નગેવાડિયા મુળ રાજકોટના અને વર્ષોથી વડોદરામા સ્થાયી થયા છે. અને વડોદરાની ગુર્જર સુતાર પ્રગતિ મંડળ સંસ્થામાં ઘણા વર્ષો પ્રમુખ તરીકેની સેવા આપી છે. પૂર્વાને તેમની આ સિદ્ધિ બદલ વિશ્વકર્મા વિશ્વ તરફથી ખુબ ખુબ અભિનંદન.

## વિશ્વકર્મા વિશ્વ

### લેખકોને...

**વિશ્વકર્મા વિશ્વનો આગામી અંક નવેમ્બરમાં પ્રથમ અઠવાડિયામાં પ્રસિદ્ધ થશે. દિપોત્સવી વિશેષાંક માટે લેખકોને વાર્તા-કાવ્ય-ચિંતન લેખ સહિતની વાંચન સામગ્રી આપવા આમંત્રણ છે. પસંદગીની કૃતિઓનો સમાવેશ દીપોત્સવી અંકમાં સમાવેશ થશે.**

**કૃતિ મોકલવાની છેલ્લી તારીખ : ૨૦ ઓક્ટોબર-૨૦૨૬**

**સંપર્ક : પ્રવીણ ગજ્જર (મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫) - E-mail : vishwakarmavishwa@yahoo.com**

# અષ્ટાંગ યોગ : શરીર, મન અને આત્માના સંતુલનની જીવનપદ્ધતિ



- કિરણ એચ. બકરાણીયા
(મો. ૯૫૧૨૧૭૨૨૪૩)

જય વિશ્વકર્મા મિત્રો યોગના અંકમાં આજે આપણે અષ્ટાંગ યોગ વિશે જાણીશું. યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની અમૂલ્ય ભેટ છે. યોગ માત્ર શરીરને સ્વસ્થ રાખવાની કસરત નથી, પરંતુ શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલ જાળવવાની એક સુંદર જીવન પદ્ધતિ છે. મહર્ષિ પતંજલિએ યોગને વ્યવસ્થિત રીતે સમજાવ્યો છે. તેમણે યોગના આઠ અંગો જણાવ્યા છે. જેને અષ્ટાંગ યોગ કહેવામાં આવે છે.

અષ્ટાંગ યોગ એટલે 'આઠ અંગો' આ આઠ અંગો વ્યકિતને સારા આચરણથી લઇને ધ્યાન અને આધ્યાત્મિક શાંતિ સુધીની યાત્રા કરાવે છે.

## અષ્ટાંગ યોગના આઠ અંગો

**(૧) યમ :**

યમ એટલે સમાજ અને અન્ય લોકો પ્રત્યેનું આપણું સદાચરણ. તેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહર્ચય અને અપરિગ્રહ જેવા નિયમોનો સમાવેશ થાય છે.

યમ આપણને સારા અને જવાબદાર વ્યકિત બનવાનું શીખવે છે.

**(૨) નિયમ :**

નિયમ એટલે પોતાના જીવનમાં શિસ્ત અને સારા નિયમોનું પાલન કરવું. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાન તેના મુખ્ય ભાગો છે. નિયમથી વ્યકિતમાં આત્મ શિસ્ત અને સંતોષનો વિકાસ થાય છે.



**(૩) આસન :**

આસન એટલે શરીરને ચોકકસ સ્થિતિમાં સ્થિર અને આરામદાયક રીતે રાખવું. તાડાસન, પદમાસન, વ્રજાસન અને ભુજંગાસન જેવા અનેક આસનો છે. નિયમિત આસનનો અભ્યાસ શરીરની લવચીકતા અને સંતુલન જાળવવામાં મદદ કરે છે.

**(૪) પ્રાણાયામ :**

પ્રાણાયામ એટલે શ્વાસનું નિયમન યોગ્ય રીતે શ્વાસ અને છોડવાની પ્રક્રિયા દ્વારા મનને શાંત અને એકાગ્ર કરવામાં મદદ મળે છે. અનુલોમ-વિલોમ, ભ્રામરી અને અન્ય શ્વાસાભ્યાસો પ્રાણાયામના ઉદાહરણો છે.

**(૫) પ્રત્યાહાર :**

પ્રત્યાહાર એટલે ઇન્દ્રિયોને બાહય વિષયોથી દૂર કરીને મનને અંદરની તરફ વાળવાની પ્રક્રિયા તે વ્યકિતને પોતાની ઇન્દ્રિયો અને વિચારો પર નિયંત્રણ મેળવવામાં મદદ કરે છે.

**(૬) ધારણા :**

ધારણા એટલે મનને એક ચોકકસ વસ્તુ, વિચાર અથવા વિષય પર કેન્દ્રિત કરવું એકાગ્રતા વધારવા માટે ધારણા મહત્વપૂર્ણ છે. અભ્યાસ કરતી વખતે પણ એકાગ્રતા જાળવવામાં તેનો ઉપયોગી સિદ્ધાંત છે.

**(૭) ધ્યાન :**

ધ્યાન એટલે મનને શાંત રાખીને સતત એકાગ્રતા સાથે કોઇ એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું નિયમિત ધ્યાનથી માનસિક શાંતિ અને એકાગ્રતા વિકસાવવામાં મદદ મળી શકે છે.

**(૮) સમાધિ :**

સમાધિ અષ્ટાંગ યોગનું અંતિમ અંગ છે. તેમાં મન અત્યંત ઉંડી એકાગ્રતા અને આંતરિક શાંતિની સ્થિતિમાં પહોંચે છે. યોગની આધ્યાત્મિક યાત્રામાં તેને ઉચ્ચ અવસ્થા માનવામાં આવે છે.

અષ્ટાંગ યોગ જીવનને વ્યવસ્થિત અને સંતુલિત બનાવવાની એક સુંદર પદ્ધતિ છે. યમ અને નિયમથી સારા આચરણની શરૂઆત થાય છે. આસન અને પ્રાણાયામથી શરીર તથા શ્વાસ પર ધ્યાન આવે છે.

જ્યારે પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ વ્યકિતને આંતરિક શાંતિ તરફ લઇ જાય છે. તેથી અષ્ટાંગ યોગને માત્ર કસરત નહીં, પરંતુ એક સંપૂર્ણ જીવનપદ્ધતિ તરીકે સમજવો જોઇએ.

# મારી વાત

ઉષા સુરેલીયા

હું વડોદરા આવી તો બીજી કોઇ સોશ્યલ એકટીવીટી કે ઇંગ્લીશ ટયુશન નથી કરતી. કારણ કે મારો દિકરો વિશાલ મહેન્દ્ર સુરેલીયાએ ના પાડી મને કહે કે, 'મમ્મી-પપ્પા, તમે રીટાયર્ડમેન્ટ એન્જોય કરો.'

મેં કહું કે કોઇપણ જાતની એકટીવીટી વગર મને ટીવી સીરીયલ જોવાની પણ ટેવ નથી તો હું એન્ઝાઇટી પછી ડીપ્રેશનમાં જતી રહું એના કરતા મને એકટીવીટી કરવી છે.




તો કહે 'ભલે હેલ્થનું ધ્યાન રાખીને મનપસંદ એકટીવીટી કરો.'









તો મેં 'સ્ટાર મેકર' એપ્લીકેશનમાં 'લોક કલ્યાણ ઇન્ડિયા'ના ફેમીલી રૂમ/પાર્ટી રૂમમાં જોડાઇ. ત્યાં હું ધીરે ધીરે ડાયરેકટર બની. હમણા મને 'લોક કલ્યાણ ઇન્ડિયા'ની ડાયરેકટર તરીકે નેશનલ લેવલે પ્રમોશન અને લાઇફટાઇમ એચીવમેન્ટ મળ્યું. એવું અમારા ઓનરે ડીકલેર કર્યું. તો મેં પુછયુ કે, આ બધુ મને વિગતવાર જણાવો.

તો વિગત આપી, અમારી લોક કલ્યાણ ઇન્ડિયા મ્યુઝીકલ ઇન્સ્ટીટયુટ (અમેઠી) છે પણ અમે સ્ટાર મેકરમાં સીંગીગ તેમજ બધુ કાર્ય ઓન કરીએ છીએ. જે અધિકારી કોઇ કંપની કે સંસ્થા કે વિભાગમાં વિકાસ તેમજ આવશ્યક માટે પ્રત્યેક યોજનાને સંબંધિત સુચના (સીધા) ડાયરેકટ રીતે મુખ્ય અધિકારીને પહોચો તેને (ઉશયિભજ્ઞિ) ડાયરેકટર માનવામાં આવે. જેણે પાંચ વર્ષ સારી રીતે પોતાનું કાર્ય પૂર્ણ કર્યુ હોય. ભારતીય સંવિધાન ૧૮૬૦ મુજબ ડાયરેકટરની ભૂમિકા મહત્વપૂર્ણ (શરીરમાં જે હૃદયનું સ્થાન હોય) માનવામાં આવે છે. વિકાસ અને વિસ્તાર માટે ઉત્તમ રીતે રીતે કાર્ય કરવા બદલ સરકાર દ્વારા સન્માન મેડલ પણ આપવામાં આવે છે. જેમ કે મધર ટેરેસાને સમાજ સેવા માટે આપ્યું. મારે નેમ-ફેમથી દુર રહેવું હતુ તેં નાનપણથી ઘણા નેમ-ફેમ મેળવ્યા છે. પરંતુ આપણે નીષ્ઠાપૂર્વક કરેલુ કામ બોલે છે. હું ફકત મોબાઇલથી જ બધું કામ ઓનલાઇન કરું છું તે જાણશો.

લોક કલ્યાણ ઇન્ડિયાના પાર્ટી રૂમ (જેમ સ્કુલ જુદા કલાસ હોય તેમ) કોઇપણ સીંગર આવે એ સારું ગાય તો તેને ઓનરનું ટોપ-૧૦ બેસ્ટ સીંગરનું સર્ટીફીકેટ દિલ્હીથી (એપ્રુવ થયેલુ) એમ સોફટ કોપી આપીએ. જેમાં ડાયરેકટરનું નામ પણ હોય (સેમ્પલ નીચે મુજબ છે.) સીંગરને ઓનર કોમેન્ટમાં લખે (ઇંગ્લીશમાં) જે આ પ્રમાણે હોય હું આપને ટોપ-ટેપ બેસ્ટ સીંગર તરીકે મારી ઇન્સ્ટીટયુટ દ્વારા સીલેકટ કરું છે. આમ થોડા દિવસમાં (ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયા રજીસ્ટર છે.) સર્ટીફીકેટ મળી જશે.

પછી મને તે સીંગરનું નામ નોટ કરવા એટલે હું પણ કોમેન્ટમાં લખુ કોન્ગ્રેચ્યુલેશન આપને લોકકલ્યાણ ઇન્ડિયા મ્યુઝીકલ ઇન્ડિયા તરફથી ટોપ ટેન(૧૦) બેસ્ટ સીંગર તરીકે સીલેકટ કરવામાં આવ્યા છે. આપને ટુંક સમયમાં સર્ટીફીકેટ મળી જાશે. પછી અમે જે તે સીલેકટ કરેલ સીંગરનું નામ અને શહેરનું નામ માંગીએ.

૩-૪ દિવસાં સર્ટીફીકેટની સોફટકોપી સીંગરને ઇનબોક્ષમાં સેન્ડ કરીએ અને કહીએ કે આ સર્ટીફીકેટની પ્રિન્ટ કઢાવી સાચવી રાખો. જો તમારે મ્યુઝીકલ ઇન્સ્ટીટયુટ ખોલવુ હોય તો ગવર્મેન્ટ સહાય કરશે.

# જામનગરમાં યોજાયો શિક્ષણ સન્માન સમારોહ










પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૨૦-૦૯-૨૬ના રોજ વિશ્વકર્મા બાગ ખાતે આવેલ શ્રી રવિ ભારદીયા હોલ ખાતે ધો. ૧ થી ૧૨માં પ્રથમ ત્રણ આવેલ વિદ્યાર્થીઓ અને તેજસ્વી પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ શિક્ષણ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત બાળ અધિકાર અને સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મીષ્ઠાબેન ગજ્જર અમદાવાદ વેજલપુર સંસ્થાના પૂર્વ પ્રમુખ અને દાતા શ્રી ઘનશ્યામભાઇ વણોદીયા ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે રાજકોટના રવિ ટેકનોફોર્જના ચેરમેન અને જાણીતા દાતા અમુભાઇ ભારદીયા ખાસ ઉપસ્થિત રહયા હતા. જયારે મહેમાનો તરીકે જામખંભાળીયાના પ્રમુખ મુકેશભાઇ સુરેલીયા, રાજકોટના કિર્તીવુડન વાળા કિર્તીભાઇ ભડોડીયા, અમરેલીના પ્રમુખ અરૂણભાઇ આદરેજા અને જુનાગઢના પ્રમુખ રાજુભાઇ મિસ્ત્રી ઉપસ્થિત રહયા હતા. જયારે રાજકોટના વોર્ડ નં. ૧૩ના નગરસેવિકા માધવીબેન બદ્રકીયા પણ ખાસ ઉપસ્થિત રહયા હતા. સૌનુ જ્ઞાતિ દ્વારા સન્માન કરાયું હતું.

વિદ્યાર્થીઓનું અને વિશિષ્ટ પ્રતિભાઓનું જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના હોદ્દેદારો અને જ્ઞાતિની અન્ય સંસ્થાના આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ સમારોહ પહેલા બપોરે સૌએ સાથે ભોજન લીધું હતું. જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા અને તેની સમગ્ર ટીમે આયોજન સફળ બનાવ્યું હતું.

## અમદાવાદમાં શ્રી સૌ.ગુ.સુ. વિશ્વકર્મા પરિવાર વેજલપુરને આંગણે

# ગોકળીયા વાતાવરણમાં કૃષ્ણ જન્મોત્સવની અનેરી ઉજવણી







### યોગાનુયોગ સંસ્થાના પ્રમુખ રમેશભાઇ તલસાણિયાનો પણ જન્મદિવસ હોય જન્માષ્ટમીની ઉજવણીનો આનંદ બેવડાવ્યો



અમદાવાદમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર વિશ્વકર્મા પરિવાર-વેજલપુર ખાતે જન્માષ્ટમીની ભાવભર્યા અને એકતાસભર વાતાવરણમાં થઇ. સંસ્થા ગૌરવરૂપ અદ્યતન બિલ્ડીંગમાં પરિવર્તન પામ્યા બાદ આ સંકુલમાં પ્રથમવાર જ જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન થયું. જન્માષ્ટમી એટલે લાલાનો જન્મદિન અને સાથે જ રમેશભાઇ તલસાણિયાનો પણ જન્મદિન હોવાથી સમાજે લાલાના જન્મદિન સાથે સમાજના વ્હાલાના જન્મદિનની ઉજવણી કરી હોવાથી લોકોનો આનંદ બેવડાયો હતો. લાલાના જન્મદિન નિમિત્તે કે કાપવામાં આવી સાથે સૌના વ્હાલા રમેશભાઇ તલસાણિયા જન્મદિન નિમિત્તે પણ કેક કાપવામાં આવી. રમેશભાઇ તલસાણિયા અને તેમના ધર્મપત્ની કૈલાશબેનના હસ્તે કેક કાપવામાં આવ્યા બાદ હેપી બર્થ ડેના નારા સાથે આ બંનેએ એકબીજાને કેક ખવડાવી મોં મીઠા કર્યા હતા. રમેશભાઇના ભાઇ નવીનભાઇ તલસાણિયા અને તેના પત્ની નિર્મલાબેન નવીનભાઇ તલસાણિયા રમેશભાઇના પુત્ર ભાવિક વગેરેએ પણ રમેશભાઇને કેક ખવડાવી બધાના મો મીઠા કર્યા હતા. ટ્રસ્ટીઓ અને ઉપસ્થિત સૌ મહાનુભાવોએ પણ રમેશભાઇને કેક ખવડાવી જન્મદિનની શુભેચ્છા આપી હતી.

સોળે શણગારથી સજજ કાનુડાના સાંનિધ્યમાં શ્રી કૃષ્ણનું ગાન કરવામાં આવ્યું. નીતાબેન ગજ્જર (તલસાણિયા)ના ગ્રુપે રાસ-ગરબા સાથેનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા બાદ યુવાનોએ દહીં-હાંડીની મટકી ફોડી ત્યારે ગોકુળીયુ વાતાવરણ સર્જાયું હતું.

સમાજના અગ્રણી ભગવાનજીભાઇ ખંભાયતા પરિવાર તથા વેજલપુરના ટ્રસ્ટીઓ હીરાભાઇ સોલગામા, શંકરભાઇ વડગામા, સુર્યકાંતભાઇ વડગામા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, હસમુખભાઇ પનારા, ઉપપ્રમુખ રાજુભાઇ ભારદીયા, મંત્રી મહેન્દ્રભાઇ વડગામા, ખજાનચી દિનેશભાઇ દુદકીયા, ઉપખજાનચી જગદીશભાઇ વીસાવડીયા, ઉત્સવમંત્રી પરેશભાઇ પંચાસરા, કમિટી સદસ્ કાંતિભાઇ અખીયાણીયા, ઘનશ્યામભાઇ સોલગામા, મહેશભાઇ ગજ્જર, ચંદુભાઇ બદ્રકીયા, સંસ્થાના પૂર્વપ્રમુખ ઘનશ્યામભાઇ વણોદીયા, પૂર્વમંત્રી ભગવાનજીભાઇ તલસાણિયા, શ્રી અરવિંદભાઇ સંચાણીયા, સરખેજના પ્રમુખ બિપીનભાઇ જાદવાણી, વાડજના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, અગ્રણી હસમુખભાઇ વડગામા સહિતના મહાનુભાવો આ જન્મોત્સવમાં ઉપસ્થિત રહીને ઉત્સવની ઉજવણીમાં સહભાગી બન્યા અને શ્રી કૃષ્ણના જન્મદિન મનાવવાની સાથે શ્રી રમેશભાઇ તલસાણિયાને પણ જન્મદિનની શુભેચ્છા આપી.

# ગજજર સખી વૃંદનો ૨૩મા વર્ષમાં પ્રવેશ : પ્રમુખ કિરણબેન મહીધરીયા

## મહેમાનો તરીકે શ્રી નરોતમભાઇ પરસાણા અને ચંદ્રકાંતભાઇ દેઢાણીયાની ઉપસ્થિતિ









રાજકોટમાં મહિલાઓના સર્વાંગીવિકાસ માટે કાર્યરત એવી બહેનોની સંસ્થા ગજજર સખીવૃંદના નવા હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ તા. ૯-૯-૨૬ના રોજ પંચશીલ સોસાટી કમ્યુનિટી હોલ ખાતે ભાવસભર વાતાવરણમાં યોજાયો. શ્રી નરોતમભાઇ પરસાણા, અંજુબેન પરસાણા અને ચંદ્રકાંતભાઇ અને લલીતાબેન દેઢાણીયાના મુખ્ય મહેમાન પદે યોજાયેલ આ સમારોહમાં ગજજર સખીવૃંદના નવા પ્રમુખ તરીકે કિરણબેન કલ્પેશભાઇ મહિધરીયાને પૂર્વ પ્રમુખ વર્ષા રાણપરીયા અને સ્થાપક પ્રમુખો પૈકીના જયોતિબેન તલસાણિયા અને ઇલાબેન ગોવિંદીયાએ પ્રમુખપદનો તાજ એનાયત કર્યા હતા. ગજજર સખીવૃંદના નવા વર્ષના પ્રારંભ નિમિત્તે નવાપ્રમુખ કિરણબેન અને કલ્પેશભાઇ મહિધરીયાએ કેક કાપી હતી. કલ્પેશભાઇના પુત્ર રાહુલ અને પુત્રવધુ શ્રેયા પણ સાથે રહયા હતા. બાદમાં સૌએ કેક ખવડાવી એકબીજાના મોં મીઠા કર્યા હતા.

નવનિયુકત પ્રમુખ કિરણબેનને પૂર્વ પ્રમુખ વર્ષાબેન રાણપરીયા તથા કમિટી મેમ્બરોએ શુભેચ્છા આપી હતી. ભાજપના વોર્ડ નં. ૧૩ના નગરસેવિકા માધવીબેન નીતિનભાઇ બદ્રકીયાએ પણ કિરણબેનને બુકે આપી શુભેચ્છા આપી હતી.

નવનિયુકત પ્રમુખ કિરણબેન મહિધરીયાએ પોતાના પ્રથમ વકતવ્યમાં કહયું કે, મારામાં વિશ્વાસ મુકી પ્રમુખપદની મને જે જવાબદારી સોંપી છે. તે બદલ કમિટીની ઋણી છું. મારા ર વર્ષના કાર્યકાળ દરમ્યાન ગજજર સખીવૃંદની સમાજમાં શાખ વધે તેવા કાર્યક્રમો આપવા મારી કટીબદ્ધતા વ્યકત કરૂ છું.

પ્રારંભમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય થયા બાદ મહેમાનોનું કમિટીની બહેનોએ સન્માન કર્યું હતું. વર્ષાબેન રાણપરીયાએ સંસ્થા પરિચય અને ગત વર્ષના કાર્યક્રમોની માહિતી રજુ કરી હતી. ખજાનચી દિપ્તી અઘેરાએ ગત વર્ષના હિસાબો રજુ કર્યા હતા.

મુખ્ય મહેમાનો નરોત્તમભાઇ પરસાણાએ સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવવાની સાથે ખોડલધામ દ્વારા થતી નવરાનત્રિ અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવા બહેનોને આમંત્રણ આપ્યું હતું.

આ પ્રસંગે વિશ્વકર્મા વિશ્વ દ્વારા ગજજર સખીવૃંદની તમામ બહેનોને રમ્ય પબ્લિકેશન દ્વારા પ્રકાશીત પુસ્તક 'સ્ટાર્ટસનો સ્વાદ' (લે. શુભદા ભટ્ટી) ભેટ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહિલા ધુનમંડળના પ્રમુખ કુસુમબેન સાંકડેચા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર, એસ.વી. ન્યુઝના ઉમેશભાઇ ગજજર, જયંતિભાઇ તલસાણીયા, મુકેશભાઇ પંચાસરા વગેરેનું પણ સન્માન કરાયું હતું.

નવી કમિટીની થયેલ જાહેરાતમાં ઉપપ્રમુખ તરીકે આરતીબેન જયુભાઇ તલસાણિયા, મંત્રી તરીકે દીયા વડગામા, સહમંત્રી તરીકે મીનાબેનવ ડગામા, ખજાનચી તરીકે ચંદ્રિકાબેન કરગથરાની તથા કમિટી મેમ્બરોમાં વર્ષા સાંકડેચા, ઉર્વીબેન ખંભાયતા અને મયુરીબેન ત્રેટીયા સમાવેશ થાય છે. માર્ગદર્શક મંડળમાં વર્ષા તલસાણિયા, માલતીબેન મેસવાણીયા, રશ્મીબેન ખંભાયતા, ડોલીબેન તલસાણિયાનો સમાવેશ થાય છે. સંસ્થાના સ્થાપક પ્રમુખો ઉત્પલાબેન જાદવાણી, સ્વ. લતાબેન પિલોજપરા, જયોતિબેન તલસાણિયા અને ઇલાબેન ગોવિંદીયા છે.



અંતમાં વિવિધ ગેઇમ્સ રમાડવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન માલતીબેન મેસવાણિયાએ કર્યું હતું.

# મનહરભાઇ અઘેડાની સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે



**શબ્દાંજલી**

**પ્રવીણ ગજજર**

અમદાવાદની વિધવા મહિલાઓ અને આર્થિક જરૂરીયાતવાળા પરિવારની હંમેશા ખેવના કરતા રહેલા અને સેવાને જ પોતાનો ધર્મ ગણી ગુર્જર સુતાર સમાજમાં પરિવર્તનની રાહ ચીંધનાર અમદાવાદની સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘમાં ૩૮ વર્ષ અવિરત સેવા આપનાર મનહરભાઇ દયાળજીભાઇ અઘેડાનું ૭૦ વર્ષની વયે અણધાર્યું અવસાન થતા સમાજમાં શોકની લાગણી પ્રવર્તી રહી છે. અને પરિવારમાં તેમના પત્ની નીલાબેન અને પુત્રો સૃજલ અને યશ અને પરિવાર પણ સ્તબ્ધ બની ઘેરા શોકમાં ગરકાવ થયો છે. આજે મનહરભાઇ હયાત નથી. પરંતુ તેમણે સમાજમાં કરેલી નિઃસ્વાર્થ સેવાની સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે.

મનહરભાઇ અઘેડા મુળ બોટાદ પાસેના નાગલપર ગામના પણ વર્ષોથી તેમણે અમદાવાદને કર્મભૂમિ બનાવી. સુથારી કામ કરતા કરતા તેઓ ખુબ આગળ વધ્યા અને ફર્નીચર કોન્ટ્રાકટર બન્યા. સાલસ અને મિલનસાર સ્વભાવ અને પ્રમાણિક મહેનત કરી વ્યવસાય ક્ષેત્રે જાણીતા બન્યા.

શ્રી મનહરભાઇએ યુવક સંઘમાં રહી, અલગ અલગ હોદ્દા પર રહી સેવા કરી રાહતમંત્રી, ઉપપ્રમુખ, ઉત્સવમંત્રી જેવા હોદ્દા પર રહી તેમણે સમાજની જીવનના અંત સુધી અનેરી સેવા કરી.

મનહરભાઇ અઘેડાના લગ્ન મોરબીના નીલાબેન સાથે થયા. નીલાબેન પણ યુવક સંઘમાં મહિલાઓના વિકાસમાં વર્ષોથી સેવા આપે છે. મનહરભાઇને બે પુત્રો પૈકીના મોટા પુત્ર સૃજલ ડ્રાફટ સિવિલ ઇજનેર છે અને છેલ્લા બે વર્ષથી માલદીવમાં મોહનમૃત્થાના મરીન પ્રોજેકટ સાથે જોડાયેલ છે. જયારે નાનો પુત્ર યશ એમસીએ કરીને અમદાવાદમાં કમ્પ્યુટર ક્ષેત્રે જોડાયેલો છે.

યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા તેમને શ્રદ્ધાંજલી આપતા કહે છે. મનહરભાઇનો અચાનક વિદાયથી સમાજ સ્તબ્ધ થયો છે અને સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે.

મનહરભાઇ અઘેડા હવે આપણી વચ્ચે નથી પરંતુ તેમણે વર્ષોથી જે સાજે સેવા કરી છે તેની સુવાસ સમાજમા સદાય મધમધતી રહેશે.

# કિચન તડકા : નવરાત્રિ સ્પેશ્યલ રેસિપી

શુભદા ભટ્ટી

## (૧) ફરાળી ચકરી



**સામગ્રી :**

- ફરાળી લોટ - ૧ કપ
- આદુ-મરચાની પેસ્ટ - ૨ મોટી ચમચી
- મોણ માટે તેલ - ૨ થી ૩ ચમચી
- મરી પાવડર - ૧ નાની ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ
- તેલ - તળવા માટે
- સફેદ તલ - ૧ થી ૨ ચમચી

**બનાવવાની રીત :**

એક બાઉલમાં લોટ, આદુ-મરચાની પેસ્ટ, તલ, મોણ, મીઠુ, તેલ એડ કરીને હુંફાળા પાણીથી લોટ બાંધવો. લોટને સ્ટીમરમાં (ઢોકળીયામાં) ૧૦ થી ૧૫ મિનિટ માટે બાફી લો. પછી તેને મસળીને ચકરીના મોલમાં ભરી ચકરી પાડો. ગરમ તેલમાં મિડિયમ તાપે ગુલાબી થાય ત્યાં સુધી તળવી.

## (૨) સાબુદાણાનો દુધપાક

**સામગ્રી:**

- દુધ - ૧ લીટર
- ખાંડ - ૫ થી ૬ ચમચી
- સાબુદાણા - ૫ થી ૬ ચમચી
- એલચી પાવડર - ૧ ચમચી
- કેસર દુધમાં પલાળેલ - ૨ થી ૩ ચમચી
- બદામ-પિસ્તા કતરણ - જરૂર મુજબ
- મોળો માવો/પેંડા - ૧ થી ૨ ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ સાબુદાણાને ૧ કલાક માટે પલાળી લો. હવે મોટા વાસણમાં દુધ લો. તેમાં સાબુદાણા એડ કરો અને દુધને ઉકાળવું. દુધ ઉકળે એટલે તેમાં માવો/પેંડા એક કરો, કેસર વાળુ દુધ એડ કરીને સતત હલાવવું.

ખાંડ અને એલચી પાવડર, એડ કરીને ૧ થી ૨ ચમચી ઉકાળવુ એટલે મિશ્રણ ઘટ્ટ થઇ જાશે.

તૈયાર થયેલ દુધ પાકમાં ઉપરથી બદામ પિસ્તા કતરણ એડ કરી લો. આ દુધ પાકને ગરમ અને ઠંડી બન્ને રીતે પિરસી શકાય છે.

નોંધ : દુધપાકમાં પેંડા એડ કરવો હોય તો ખાંડનું પ્રમાણ ઓછુ કરી લેવું.

## (૩) ફરાળી મીની ઉત્તપમ

**સામગ્રી :**

- સામો - ૧ કપ
- સાબુદાણા - ૧/૪ કપ
- ટમેટુ સુધારેલ - ૧ નંગ
- લીલા મરચા સુધારેલ - ૨ નંગ
- આદુ મરચાની પેસ્ટ - ૧ મોટી ચમચી
- કોથમીર - ૧ થી ૨ ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ
- હળદર - ૧ ચમચી
- તેલ - જરૂર મુજબ

**બનાવવાની રીત :**

સામો અને સાબુદાણાને મિકસરમાં પીસી લો પછી બનાવેલ પાવડરને ૧ થી ૨ કલાક માટે છાશમાં પલાળીને આથો આવવા દો. પછી ઉત્તપમ પાડતા પહેલા તેમાં ટમેટુ, મરચા, આદુની પેસ્ટ, કોથમીર, મીઠુ, હળદર એડ કરીને મિકસ કરવું.

મીની ઉત્તપમનો તવો લઇને ખીરૂ પાથરીને ઉત્તપમ બનાવવો. જરૂર પડે તેમ ઉથલાવવા તેલ ઉમેરવું. આ ઉત્તપમને ગરમા ગરમ સવ કરવો.

## (૪) ફરાળી ઇડલી



**સામગ્રી :**

- સામો - ૧ કપ
- સાબુદાણા - ૧/૪ કપ
- ખાટુ દહીં - ૧ કપ
- ઇનો - નાનુ પાઉચ
- તેલ - ૧ થી ૨ ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ

**બનાવવાની રીત :**

મિક્ષર જારમાં સાબુદાણા અને સામોને પીસીને પાવડર બનાવી લેવો. પછી તેમાં દહીં મીઠુ નાખી જરૂર મુજબ પાણી એડ કરીને ઇડલીના ખીરા જેવું બેટર તૈયાર કરવું. બેટરને ૨૫ થી ૩૦ મિનિટ માટે રેસ્ટ આપવો. ઢોકળીયામાં પાણી ગરમ મુકી બેટરમાં ઇનો અને તેલ ઉમેરીને સારી રીતે મિકસ કરી ખીરૂ તેલથી ગ્રીસ કરેલ ડીશમાં ભરીને ૧૦ થી ૧૫ મિનિટ માટે સ્ટીમ કરી લો.

ગરમા ગરમ ફરાળી ઇડલીને ગ્રીન ચટણી અથવા ટોપરાની ચટણી સાથે સર્વ કરી શકાય.

# હાર્દિક શ્રદ્ધાંજલી



## સ્વ. મનહરભાઈ દયાળજીભાઈ અઘેડા

સ્વ. તા. ૦૧/૧૦/૨૦૨૬

સમય વિતતો જશે પણ યાદ
તમારી સદાય રહેશે
સતકર્મોની ફેલાવેલ સુવાસ હંમેશા
પ્રસરતી રહેશે,
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

## શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ - અમદાવાદ

પ્રમુખ : શ્રી ધર્મેન્દ્રભાઈ દેવળીયા
ઉપપ્રમુખ : શ્રી ધર્મેન્દ્રભાઈ કથ્રેચા, શ્ર ભરતભાઈ દુદકીયા
મંત્રી : શ્રી મુકેશભાઈ સંચાણીયા
સહમંત્રી : શ્રી અલ્પેશભાઈ લદ્દુવાડીયા, શ્રી ભાવેશભાઈ કળસારા
ખજાનચી : શ્રી હિતેષભાઈ ખારેચા
શિક્ષણમંત્રી : શ્રી વનમાળીભાઈ કળસારા
ઉત્સવમંત્રી : શ્રી કૌશલભાઈ સચરેચા
પ્રચારમંત્રી : શ્રી પરેશભાઈ દેવળીયા
રેકટર : શ્રી કિશોરભાઈ કળસારા, ચેતસભાઈ સંચાણીયા

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month


કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

# દીપોત્સવી વિશેષાંક-૨૦૨૬

## (નવેમ્બર અંક)




વિશ્વકર્મા વિશ્વનો આગામી નવેમ્બરનો અંક **દીપોત્સવી વિશેષાંક** તરીકે નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં પ્રસિદ્ધ થશે. **દીપોત્સવી વિશેષાંક**માં પસંદગીના સ્થાન માટે

**આપની જાહેરાત આજે જ બુક કરાવો...**

**આપની જાહેરાત મોબાઈલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે.**

**(જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૨૦ ઓકટોબર-૨૦૨૬)**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૧.

**સંપર્ક : પ્રવીણ ગજ્જર – મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫** E-mail : vishwakarmavishwa@yahoo.com



VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧